અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 311, Dt.12-10-2023 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

''જે નિરાશ ને ક્યારેય જોતાં નથી તે આશા પણ ક્યારેય ખોતા નથી, અને જે પ્રયત્ન પર જીવી જાણે છે તે કિસ્મત પર ક્યારેય રોતા નથી.''

બિહારમાં ટ્રેન દુર્ઘટનાઃ ૨૧ ડબ્બા ખડી ગયાઃ ૨૧ના મોત ૧૦૦ ઘાયલ

આનંદ વિહાર કામખ્યા એકસપ્રેસને અકસ્માત નડયો : આખી રાત બચાવ-રાહત કામગીરીઃ અનેક ટ્રેનો ડાયવર્ટ

પટના, તા.૧૨ :

બિહારના બક્સરના રઘુનાથપુર સ્ટેશન પર બુધવારે રાત્રે એક ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. આ ટ્રેન આનંદ વિહારથી આવી રહી હતી. મળતી માહિતી મુજબ, આનંદ વિહાર કામાખ્યા નોર્થ ઈસ્ટ એક્સપ્રેસના ૨૧ બોગી પાટા પરથી ઉતરી ગઈ હતી. મળતી માહિતી મુજબ, આનંદ વિહાર કામાખ્યા નોર્થ ઈસ્ટ એક્સપ્રેસના ૨૧ બોગી પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેન દુર્ઘટનામાં ૬ લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.જેને પગલે આઠ ટ્રેનો રદ કરવામાં આવી હતી.

બિહારના બક્સર જિલ્લાના રઘુનાથપુર રેલવે સ્ટેશન પાસે ટ્રેન દુર્ઘટના બાદ આઠ ટ્રેનો રદ કરવામાં આવી હતી. તે જ સમયે, ૨૨ ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. ઘટના સ્થળને પુનઃસ્થાપિત કરવાનું કામ તેજ ગતિએ ચાલી રહ્યું છે. રેલવે કર્મચારીઓ ટ્રેકની સફાઈમાં વ્યસ્ત છે. રેલ્વે સત્તાવાળાઓની પ્રાથમિકતા ટ્રેકને ઝડપથી પુનઃસ્થાપિત કરવાની છે જેથી ટ્રેનનો ટ્રાફિક ફરી શરૂ કરી શકાય. ભીડને નિયંત્રિત કરવામાં પ્રશાસનની બેદરકારી પણ સામે આવી રહી છે, જેના કારણે બચાવ કાર્યમાં અડચણ આવી રહી છે.

ટ્રેન દુર્ઘટના બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ મોડી રાત્રે ઘટના સ્થળની મુલાકાત લીધી. ઘટના સાથે જોડાયેલા કેન્દ્રીય મંત્રી નવીનતમ માહિતી શેર કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. બિહારના બક્સરમાં નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટના બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબે ગુરુવારે સવારે ઘટના સ્થળે પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રી અશ્વીની ચૌબેએ કહ્યું કે, 'મને સમાચાર મળતા જ મેં તુરંત જ રેલવે મંત્રી, બિહારના મુખ્ય સચિવ, જિલ્લા મેજિસ્ટ્રેટ વગેરે અધિકારીઓને જાણ કરી. હું લોકોને મોટી સંખ્યામાં આવવાની અપીલ કરીશ. અને પીડિતોને મદદ કરે. આ ઘટનાના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

યુદ્ધનાં માહોલમાં ઈઝરાયેલમાં રહેલા ભારતીયોએ એરલીફટ કરવા ખાસ ફલાઈટ

હમાસનો એકપણ સભ્ય જીવતો નહિ રહે : નેતન્યાહુની ચેતવણી

લોકોને હાથકડી પહેરાવીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા : હમાસની બર્બરતા પર ઈઝરાયલનો દાવો : : ગાઝા ઉપર હુમલા જારી : ૨.૫૦ લાખ લોકો બેઘર



ગાઝા પટ્ટી, તા.૧૨:

ગાઝાના એકમાત્ર પાવર સ્ટેશનમાં બળતણ સમાપ્ત થયા પછી પાવર આઉટેજનો સામનો કરવો પડે છે. શનિવારના રોજ હમાસના હુમલા પછી, ઇઝરાયેલે ગાઝા પર ઘેરો ઘાલ્યો છે, બીબીસી અહેવાલો. વીજળી, ઈંધણ, ખોરાક, સામાન અને પાણીના પુરવઠામાં કાપ મુકવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ગાઝામાં લોકો વીજળી માટે જનરેટર પર આધાર રાખશે, જો તેમની પાસે જનરેટર ચલાવવા માટે બળતણ હશે. આ સમાહની શરૂઆતમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં વીજળી, ઈંધણ અને પાણીનો પુરવઠો બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે ગાઝા પાસે તેમને આપવામાં આવેલા મિશનને પાર પાડવા માટે લાખો સૈનિકો તૈયાર છે.

સીએનએન સાથે વાત કરતા ગાઝા પાવર ઓથોરિટીના વડાએ કહ્યું કે ગાઝા હાલમાં વીજળી વિના છે. તેમણે કહ્યું કે ગાઝામાં લોકો હજુ પણ વીજળી માટે પાવર જનરેટરનો ઉપયોગ કરે છે. પરંતુ સરહદની ચારે બાજુ નાકાબંધીને કારણે જનરેટર કામ કરવા માટે જરૂરી બળતણ ખતમ થઈ રહ્યા છે. ઇઝરાયલી સરકારે હમાસના ઇઝરાયેલ પર અચાનક હુમલાના જવાબમાં પેલેસ્ટિનિયન પ્રદેશની સંપૂર્ણ ઘેરાબંધી લાદવાની વાત કરી હતી તેના બે દિવસ બાદ પાવર પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો છે. આનાથી વીજળી, ખોરાક, બળતણ અને પાણીની ઍક્સેસ બંધ થઈ જશે.

દેશની બીજી બાજુ, હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઇઝરાયેલે લેબનીઝ પ્રદેશ પર હુમલો કર્યો છે. બીબીસીના અહેવાલ મુજબ, શનિવારે હમાસના હુમલા બાદ ૧૭ બ્રિટિશ નાગરિકોના મૃત્યુ અથવા ગુમ થયાની આશંકા છે. આ સમાહની શરૂઆતમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં વીજળી, ઈંધણ અને પાણીનો પુરવઠો બંધ કરવાની જાહેરાત કરી હતી.

ભારતીયોની વાપસી માટે સરકારે ઓપરેશન અજય શરૂ કર્યું

નવી દિલ્હી તા.૧૨ : ઈઝરાયેલ અને ફિલીસ્તાની ચરમપંથી હમાસ વચ્ચે હજુ પણ જંગ ચાલુ છે. ત્યારે ભારતે ઈઝરાયેલમાં રહેતા ભારતીયોની દેશ વાપસી માટે ઓપરેશન અજયની જાહેરાત કરી છે. વિદેશમંત્રી એસ.જયશંકરે સોશ્યલ મીડીયા એકસ (ભૂતપૂર્વ ટવીટર) પર લખ્યું ઈઝરાયેલથી ભારત આવવા ઈચ્છુક લોકો માટે ઓપરેશન અજય અંતર્ગત સ્પેશ્યલ ચાર્ટર ફલાઈટ અને અન્ય પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદેશોમાં રહેતા નાગરીકોની સુરક્ષા અને ભલાઈ માટે અમે પ્રતિબદ્ધ છીએ એસ.જયશંકરની પોસ્ટ પર ઈઝરાયેલમાં ભારતના દુતાવાસે જણાવ્યું હતું કે જે ભારતીય નાગરીકોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યુ છે તેમને આજે ગુરૂવારે સ્પેશ્યલ ફલાઈટ માટે મેલ કરી દેવાયો છે.બાદની ઉડાનો માટે અન્ય રજીસ્ટર્ડ લોકોને સંદેશ મોકલવામાં આવશે. મુંબઈમાં ઈઝરાયેલનાં મહાવાણીજય દુત કોબ શોશાનીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલમાં ૨૦ હજારથી વધુ ભારતીયો છે.

ઈઝરાયલ આક્રમક બનતા આરબ રાષ્ટ્રો એલર્ટ : તાકીદની બેઠક

નવી દિલ્હી, તા.૧૨ : હમાસ પર ઈઝરાયેલના વધતા જતા હુમલા વચ્ચે હવે આરબ રાષ્ટ્રો હચમચી ગયા છે અને સાઉદી અરેબીયાએ તાકાલીક આરબ દેશોની એક બેઠક બોલાવી છે. આજે અરબ લીગમાં સામેલ દેશોના વિદેશમંત્રીની તાકીદની બેઠક મળી રહી છે. ફિલીસ્તીનીના રાષ્ટ્રપતિએ કહ્યું કે અમે સાઉદ અરેબીયા સાથે ઉભા છીએ. ફોકસ ન્યુઝ ચેનલ સાથેની મુલાકાતમાં એક તરફ ઈઝરાયેલ સાથે સંબંધો સામાન્ય બનાવવાની દિશામાં તેઓ પહોંચી ગયા હતા. તે સમયે જ થયેલા આ હુમલાને તેમણે હવે તેમની આ વાટાઘાટને નવેસરથી ચાલુ કરવી પડશે તેવું પણ સ્વીકાર્યુ તેને કહ્યું અમે ઈઝરાયલના સાર્વભૌમતુને માન આપીએ છીએ અહીં જે ફિલીસ્તીન રાજયની માંગણી છે તેને પણ સ્વીકારવી જોઇએ. આમ ફરી એક વખત આ યુધ્ધના કારણે ઈઝરાયલ અને ફિલીસ્તીન બંને સહઅસ્તિત્વ જાળવી રાખે તેઓએ ઉમેર્યું હતું. દરમ્યાન રશિયાના વ્લાદિમીર પુતિને ઈઝરાયલના હુમલા માટે અમેરિકાને જવાબદાર ઠરાવતા કહ્યું કે અમે સમસ્યાના ઉકેલ માટે મધ્યસ્થી બનવા તૈયાર છીએ.

૨૨મી જાન્યુઆરીએ રામમંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થશે

એક નહીં, બે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થશેઃ એક અચલ મૂર્તિ ગર્ભગૃહમાં રહેશે, બીજી ચલ મતબલ ઉત્સવ મૂર્તિ હશેઃ ૨૬મી જાન્યુઆરીથી આમજન દર્શન કરી શકશે

વારાણસી,તા.૧૨

જેની સદીઓથી વાટ જોવાતી હતી તે તારીખ નજીક આવી રહી છે. અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ અને શુભ મુર્હુત નકકી થવાની સાથે પુરા અનુષ્ઠાનનો કાર્યક્રમ બહાર આવ્યો છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ એ મૃગશિરા નક્ષત્રમાં બપોરે પ્રાણ પ્રતિષ્ઠા અને વહેલી આરતી થશે.

ગર્ભગૃહમાં રામલલાની એક નહીં, બલકે બે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થશે. તેમાં એક અચલ મૂર્તિ ગર્ભગૃહમાં રહેશે, બીજી ચલ અર્થાત ઉત્સવમૂર્તિ હશે. તેના ભકતોને ખાસ પ્રસંગે દર્શન થશે. પ્રાણ પ્રતિષ્ઠાનું અનુષ્ઠાન યજમાન વડાપ્રધાન મોદીના હસ્તે થશે.રામમંદિર ટ્રસ્ટે પ્રાણ પ્રતિષ્ઠા અનુષ્ઠાનમાં આચાર્યત્વની ભૂમિકાની જવાબદારી કાશીના વિદ્વાન પંડિત લક્ષ્મીકાંત દીક્ષિતને સોંપવામાં આવી છે. તેમના માર્ગદર્શનમાં દેશભરથી આવેલા બ્રાહ્મણો કર્મકાંડ કરશે. પંડિત દીક્ષિતે જણાવ્યું હતું કે, પ્રાણ પ્રતિષ્ઠા અનુષ્ઠાન ૧૬ જાન્યુઆરીથી શરૂ થશે. પુર્ણાહુતિ ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ના થશે. ૨૨મીએ બપોરે ૧૧.૩૦થી બપોરે ૧૨.૩૦ વચ્ચે વડાપ્રધાનની હાજરીમાં મુખ્ય પુજા થશે. પહેલી મહાઆરતી બાદ રામલલાના દર્શન ભકતોને થશે.૨૬મી જાન્યુઆરીથી દર્શનઃ ૨૨મીએ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ૨૬મી જાન્યુઆરીથી લોકો રામલલાના દર્શન કરી શકશે. મંદિર ટ્રસ્ટે વિભિન્ન રાજયોના શ્રદ્ધાળુઓ માટે રામલલાના દર્શનનો કાર્યક્રમ તૈયાર કર્યો છતાં આ કાર્યક્રમ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ચાલશે.

ચીન બોર્ડરથી માત્ર ૩૦ કી.મી. દુર જોગેશ્વરધામ પહોંચ્યા મોદીઃ શંખનાદ સાથે પુજા-દર્શન

દેવભૂમિ ઉતરાખંડના જન-જનના કલ્યાણ અને રાજયના વિકાસ માટે અમારી સરકાર પ્રતિબદ્ધઃ પીએમ

દહેરાદૂન તા.૧૨ :

વડાપ્રધાન મોદી આજે ચીનની બોર્ડર પાસે જયાંથી ચીન માત્ર ૩૦ કિલોમીટર દુર છે તેવા પિથોરાગઢ જિલ્લાના જોગેશ્વરધામ પહોંચ્યા હતા. જોગેશ્વરધામમાં મોદીએ પુજા-દર્શન કર્યા હતા. મોદીના આગમનને પગલે જોગેશ્વરધામને ફુલોથી સજાવવામાં આવ્યું હતું. જોર્ગેશ્વરધામ પહોંચતા પહેલા મોદી પિથોરાગઢના જયોલિકાંગ પહોંચ્યા હતા, તેમની સાથે ઉત્તરાખંડના સીએમ પુષ્કરસિંહ ધામી પણ હતા. તેમણે પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ અનેક વિકાસ યોજનાઓનું ઉદઘાટન કર્યું હતું.

આ તકે વડાપ્રધાનનો ગુંજી ગામના

લોકો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન મોદીએ ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતા જોગેશ્વરધામ અને પાર્વતીકુંડમાં દર્શન અને પૂજન કર્યા હતા. આ સ્થળ ચીન બોર્ડર પાસે આવેલું છે, જયાંથી ચીન ૩૦ કિલોમીટર દુર છે. પિથોરાગઢને વડાપ્રધાને ૪૨૦૦ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓની ભેટ આપી હતી, જેના લોકાર્પણ શિલાન્યાસ મોદીના હસ્તે થયા હતા. ઉતરાખંડના પ્રવાસને લઈને પોતાની ખુશી વ્યકત કરતા વડાપ્રધાને લખ્યું હતું- દેવભૂમિ ઉતરાખંડના જન-જનના કલ્યાણ અને રાજયના વિકાસ માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. આ તકે પીએમના હસ્તે વિવિધ યોજનાઓ ૭૬ ગ્રામીણ સડકો, ૨૫ પુલનું ઉદઘાટન કર્યું હતું, ૯ જિલ્લામાં બીડીઓ કાર્યાલયોના ૧૫ ભવનનો શિલાન્યાસ કરાયો હતો. મોદીના સ્વાગત માટે જબરી તૈયારીઓ કરવામાં આવી હતી. પીથોરાગઢથી નૈનીસેની એરપોર્ટ નજીકના સભા સ્થળમાં બંને તરફ સ્થાનિક કલાકારોએ સાંસ્કૃતિ દ્રશ્ય સર્જયા હતા અને વડાપ્રધાન તેને નિહાળશે તેવી પણ શકયતા હતી.

દિવ નજીક લાયન સફારી પાર્ક આકાર લેશે

આંબરડી અને દેવડીયાની જેમ હવે : સાસણ ગીર જેવો થશે અનુભવ : કોસ્ટલ હાઇવેના મુસાફરો માટે બનશે આકર્ષણનું કેન્દ્ર

નવી દિલ્હી, તા.૧૨:

હવે તમે દીવની મુલાકાત વખતે સિંહોની ગર્જના સાંભળી શકો છો. ગુજરાત વન વિભાગ ગુજરાત-દીવ બોર્ડર પર આંબરડી અને દેવલિયા સફારી પાર્કની જેમ લાયન સફારી પાર્કની સ્થાપના કરી રહ્યું છે.

રાજયના વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકારે ઉદ્યાનની ડિઝાઇન માટે આર્કિટેકટની નિમણૂક કરી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઉદ્યાન માત્ર દીવના મુલાકાતીઓ માટે જ નહીં, પણ કોસ્ટલ હાઇવે લેનારાઓ માટે પણ એક મુખ્ય આકર્ષણ બનશે.

અધિકારીએ કહ્યું કે આ પાર્કમાં પ્રાણીસંગ્રહાલયમાં ઉછરેલા સિંહોને રાખવામાં આવશે. દીવ અને તુલશીશ્યામની મુલાકાત લેનારાઓ માટે ધારી નજીકના આંબરડી સફારી પાર્કનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ પાછળથી જણાયું હતું કે ઘણા મુલાકાતીઓએ કોસ્ટલ હાઈવે માર્ગને દીવ તરફ જવાનું પસંદ કર્યું હતું, તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ કહ્યું કે સફારી પાર્કમાં બે જોડી સિંહ, ચાર બચ્ચા અને અનગ્યુલેટ્સ હશે જેથી તેને સાસણ ગીર જેવો અનુભવ થાય.

તેમણે જણાવ્યું હતું કે વિભાગને પાર્ક માટે જમીન સંપાદિત કરવાની જરૂર નથી કારણ કે દીવથી માત્ર ૭.૭ કિમી દૂર વિસ્તારમાં પહેલેથી જ જંગલની જમીન છે. અધિકારીઓએ કહ્યું કે તેઓ અહીં બસ અને જીપ બંને સફારી શરૂ કરવાની યોજના ધરાવે છે. મુખ્ય મુખ્ય વન સંરક્ષક નિત્યાનંદ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, હા, વિભાગ સિંહોના રહેઠાણમાં વધુ એક સફારી પાર્ક સ્થાપવાની યોજના ધરાવે છે. એક આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી છે અને તે રિપોર્ટ સબમિટ કર્યા પછી કામ શરૂ થશે.

મ્યુચ્યુઅલ ફંડનો ક્રેઝઃ સપ્ટેમ્બરમાં ૧૬૪૨૦ કરોડનુ રેકોર્ડબ્રેક રોકાણ

એએમએફઆઈએ સપ્ટેમ્બરના આંકડા જાહેર કર્યા, ૪ ટકા વધ્યો એસઆઈપી ઈન્ફલો

મુંબઈ,તા.૧૨

બજારમાં ભારે ચડાવ-ઉતાર વચ્ચે સપ્ટેમ્બરમાં રોકાણકારોનો દમ મ્યુચ્યુઅલ ફંડસમાં જોવા મળ્યો. ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ ઈન્વેસ્ટર્સની સંખ્યા સપ્ટેમ્બર મહિનામાં ૪ કરોડને પાર કરી ગઈ હતી તેની સાથે એસઆઈપી રોકાણ રેકોર્ડ સ્તરે પહોંચી ગયું. રોકાણકારોએ એસઆઈપીનાં માધ્યમથી ઓગસ્ટમાં ૧૫૮૧૪ કરોડની તુલનામાં સપ્ટેમ્બરમાં ૧૬૪૨૦ કરોડ રૂપિયા મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમા લગાવ્યા આવુ પહેલી વાર થયુ હતું. જયારે એસઆઈપી રોકાણે ૧૬ હજાર કરોડનું લેવલ પાર કર્યુ છે.

સપ્ટેમ્બરમાં એસઆઈપી એયુએમ (એસેટ અન્ડર મેનેજમેન્ટ) પણ વધીને ૮.૭૦ લાખ કરોડ થઈ ગયુ ઓગસ્ટમાં તે ૮.૪૭ કરોડ હતું. એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડસ ઈન ઈન્ડીયા (એએમએફઆઈ) તરફથી જાહેર આંકડા અનુસાર મંથલી આધારે એસઆઈપી ઈન્ફલો લગભગ ૪ ટકા વધ્યો છે.

સ્મોલ કેસનાં ફાઉન્ડર કિસલય ઉપાધ્યાયનું કહેવુ છે કે એસઆઈપી મોમેન્ટમાંથી ખબર પડે છે કે રોકાણકાર સિસ્ટમેટીક ઈન્વેસ્ટમેન્ટનો પાવર સમજી ચુકયા છે. એએમએફઆઈના સીઈઓએ કહ્યું હતું કે, મજબુત ઈન્ફલો એમએફ રોકાણકારો વચ્ચે રેઝીલન્સને દેખાડે છે.

મોતીલાલ ઓસવાલ એએમસીનાં ચીફ બીઝનેસ ઓફીસર અખિલ ચતુર્વેદીએ કહ્યુ હતું કે સપ્ટેમ્બર મહિનામાં ઈકવીટી માર્કેટને ૨૦,૨૦૦ આંકડાનાં ઓલટાઈમ હાઈ લેવલ બાદ રીસ્ક મુકત સેન્ટીમેન્ટ તરફ મહત્વનો ફેરફાર જોવા મળેલો.

૨૦૨૬માં ભારત ત્રીજા નંબરની સૌથી મોટી ઈકોનોમી બનશે

ભારતની આર્થિક મહાસતા બનવાની યાત્રા હવે ગતિ પકડે છેઃ બાદના એક જ વર્ષમાં ફરી છલાંગ લગાવી જાપાન બાદ જર્મનીને પણ પછાડી વિશ્વની ત્રીજા નંબરનું અર્થતંત્ર : IMF નો રિપોર્ટ

નવી દિલ્હી.તા.૧૨

વિશ્વભરમાં મંદીની ધીમી અસર છે તો બીજી તરફ યુદ્ધના કારણે અમેરિકી સહિતના દેશોમાં કુગાવાની પણ ચિંતા છે અને ચીનનું અર્થતંત્ર પણ નબળુ પડયું છે તે વચ્ચે વિશ્વમાં વિકાસશીલ દેશોમાં ભારત એક જ એવો દેશ છે.

જેણે આ તમામ વૈશ્વિક પરિબળો છતા પણ તેની વિકાસદરની દૌટ જાળવી રાખી છે તથા વિશ્વમાં હાલ સૌથી ઝડપથી વિકાસ દર ભારત ધરાવે છે તે વચ્ચે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળનો એક અહેવાલ ભારતના આગામી સમયના આર્થિક વિકાસનું ચિત્ર દોરવામાં આવ્યું છે જેમાં ૨૦૨૮ સુધીમાં ભારત સહિત વિશ્વના દેશોના આર્થિક વિકાસના

આંકડાઓ રજુ થયા છે.

ભારત હાલ પરચેઝીંગ પાવર એટલે કે લોકોની ખરીદ શકિતના ધોરણે તો વિશ્વના ત્રીજા નંબરનું અર્થતંત્ર છે અને અમેરિકી ડોલરની દ્રષ્ટિએ તે વિશ્વની પાંચમા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર છે પણ વર્લ્ડ ઈકોનોમી ફોરમના રિપોર્ટ મુજબ ભારત વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી ઈકોનોમી બને તેમાં હવે વધુ વાર લાગશે નહી.

૨૦૨૬ અને ૨૦૨૭ એમ બે વર્ષ ભારતના અર્થતંત્રની દ્રષ્ટિએ સૌથી મહત્વતા બની રહેશે. આઈએમએફના અંદાજ મુજબ ૨૦૨૬માં ભારતની જીડીપી અથવા તો કહો કે અર્થતંત્રનું કદ ૪.૯૫ લાખ કરોડ ડોલર હશે અને તે જાપાનના ૪.૭૧ લાખ કરોડ ડોલરને પણ પાછળ રાખી દેશે તો પછીના એક જ વર્ષમાં ભારત જર્મનીને પણ પાછળ રાખી દેશે અને દેશની જીડીપી ૫.૪૩ લાખ કરોડ ડોલર બની જશે.

જે જર્મનીની જીડીપી ૫.૩૩ લાખ કરોડ ડોલરથી વધુ હશે. ભારતે ૨૦૨૭-૨૮ના નાણાકીય વર્ષમાં જ પાંચ ટ્રીલીયન ડોલર ઈકોનોમી બનવાના જે લક્ષ્યાંક રાખ્યો છે તેને પાર કરી દેશે. જો કે અમેરિકા કે ચીનના અર્થતંત્રએ ભારતના અર્થતંત્રથી અનેક ગણા વધુ છે પણ ભારત બહુ ઝડપથી ચીન સાથેનો જીડીપી તફાવત ઘટાડી રહ્યો છે. ૨૦૨૨માં ચીનનું અર્થતંત્ર ભારત કરતા ૫.૩ ગણું મોટું હતું જે હવે ૪ ગણું જ મોટું છે.

આજ રીતે અમેરિકાનું અર્થતંત્ર ૨૦૨૨માં ભારત કરતા ૭.૫ ગણું મોટું હતું તે ૨૦૨૮માં ૬ ગણું જ મોટું હશે. જો કે વૈશ્વિક દ્રષ્ટિએ ચીન-અમેરિકાની જે દૌટ છે તેમાં અમેરિકાની સરસાઈ જળવાઈ રહેશે. ૨૦૨૮માં અમેરિકાનું અર્થતંત્ર ચીન કરતા ૧.૪ ગણું જ મોટુ હશે તે કહેવું હાલ વહેલું ગણાશે.

ભારત વિશ્વની ચોથી સૌથી મોટી ઈકોનોમી અને તે વિશ્વ માટે પણ લાભદાયક થઈ છે. કારણ કે ભારતની ધાર્મિક શકિત વધતા તેના લોકોની ખરીદ શકિત વધશે. જે દુનિયાના દેશોને પણ ભારતમાં રોકાણ-વ્યાપાર કરાવાની તક મળશે.

ઊંઘવાની સ્થિતિ બતાવી શકે છે તમારા મનના ભાવો અને વ્યક્તિત્વ

મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણના માર્ગદર્શનમાં ભટ્ટ કર્તવી એ ઊંઘવાની પોઝિશન પર નિરીક્ષણ કરીને સ્વભાવ, દમિત ઈચ્છા અને વ્યક્તિત્વનો અભ્યાસ



રાજકોટ.તા.૧૨

અસલામતીની લાગણી વાળા ટૂંટિયું વાળીને સૂતા હોય છે, પોતાની નબળાઈઓ ન સ્વીકારનાર ઊંધા સૂતા હોય છે, મિત્રતા નિભાવનાર હાથ પર માથું રાખીને સૂતા હોય છે, દ્રઢ નિશ્ચયવાળા સીધા સુવે છે અને અને બન્ને હાથ માથા નીચે રાખીને ઊંઘતા લોકો અન્યોના હિત માટે પ્રયત્ન કરતા હોય છે

ઊંઘવાની સ્થિતિ બતાવી શકે છે તમારા મનના ભાવો અને વ્યક્તિત્વ. મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણના માર્ગદર્શનમાં ભટ્ટ કર્તવીએ ઊંઘવાની પોઝિશન પર નિરીક્ષણ કરીને સ્વભાવ, દમિત ઈચ્છા અને વ્યક્તિત્વનો અભ્યાસ કર્યો.

મનોવિજ્ઞાન વિષય એ વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે, આ ઉપરાંત મનોવિજ્ઞાન વિષયમાં વ્યક્તિત્વને લઈને ઘણા અભ્યાસો થયા છે. વ્યક્તિત્વ વિશે જાણવાની ઘણી અલગ અલગ રીત છે, પરંતુ શું તમને ખ્યાલ છે કે, સૂવાની પોઝિશનની આદત દ્વારા વ્યક્તિ ના વ્યક્તિત્વ વિશે જાણી શકાય છે.

સુવાની રીત દ્વારા સ્વભાવ અને વ્યક્તિત્વ વિશે ઘણી જાણકારી મેળવી શકાય છે અને તેના પર ઘણા અભ્યાસો પણ થયા છે આપણે કઈ રીતે સૂઈએ છીએ તે આપણી અચેતન અવસ્થા પર નિર્ભર કરે છે. સુતી વખતે આપણે સમજી વિચારીને કોઈ વર્તન કે પ્રતિક્રિયા નથી કરતા પરંતુ કુદરતી રીતે જ અચેતન અવસ્થામાં આપણે સુવાની પોઝિશનને અનુસરતા હોઈએ છીએ. સૂવાની કઈ રીત કયા વ્યક્તિત્વના લક્ષણો સૂચવે છે તે જાણીએ.

નાના બાળકની જેમ સૂવું

ઘણા લોકો નાના બાળકની જેમ ગોઠણ પેટ પાસે વાળીને (ટૂંટિયું વાળીને) સૂતા હોય છે. આવા લોકો મોટાભાગે આરામ અને સુરક્ષા મેળવવા ઈચ્છતા હોય છે. આ લોકો ખૂબ જ સંવેદનશીલ અને સરળ સ્વભાવના હોય છે. આવા લોકોનો વિશ્વાસ મેળવવો એ ખૂબ સરળ હોય છે.

ઊંધા સૂવું

જે લોકો ઊંધા એટલે કે પેટનો ભાગ નીચે રાખી જે લોકો સુવે છે તે સૂવાની રીત સ્વાસ્થ્ય માટે નુકશાનકારક હોય છે. આવા લોકો મિલનસાર હોય છે અને સમાજમાં પોતાનું સ્થાન સારી રીતે બનાવી શકે છે. સમાજ દ્વારા માન સન્માન મેળવી શકે છે. આવા લોકોને પોતાની નબળાઈઓ સ્વીકારવામાં મુશ્કેલી પડે છે.

હાથ ઉપર માથું રાખીને સૂવું

જે લોકોને હાથ પર માથું રાખીને સૂવાની આદત હોય તેવા લોકોનું વ્યક્તિત્વ ખૂબ જ આકર્ષક હોય છે. આ ઉપરાંત તેઓ પણ અન્ય લોકો પ્રત્યે ઝડપથી આકર્ષિત થઈ જતા હોય છે. આવા લોકોને અન્ય સાથે મિત્રતા કરવી અને સારી રીતે નિભાવવી પસંદ હોય છે.

સીધા સૂવું

જે લોકો એકદમ સીધા સુવે છે તેઓ અંતરમુખી હોય છે. તેઓ ઝડપથી અન્ય સાથે હળી મળી શકતા નથી અને ભરોસો પણ કરતા નથી. તેઓનો સ્વભાવ ગંભીર હોય છે. તેઓ કોઈપણ નિર્ણય ખૂબ જ સમજી વિચારીને અને દ્રઢ પણે કરે છે.

તકિયો-ઓશીકું સાથે લઈને સૂવું

જે લોકોને ઓશીકું કે તખીઓ સાથે જ લઈને સુવાની આદત હોય છે તેઓ ખુશ મિજાજી વ્યક્તિત્વ ધરાવતા હોય છે આવા લોકો દરેક પરિસ્થિતિમાં પોતાને ઢાળી શકે છે આવા લોકો સંબંધોને ખૂબ મહત્વ આપે છે અને ઈમાનદારી પૂર્વક નિભાવે પણ છે.

એક તરફ પડખું ફરી સૂવું

જે લોકો એક તરફ ફરીને એટલે કે પડખું ફરીને સુવે છે તે લોકોને આરામદાયક જીવન પસાર કરવું ખૂબ ગમે છે. તેઓ વિશ્વાસપાત્ર હોય છે. પરંતુ આવા લોકોના આ વિશ્વાસ ને કારણે ઘણી વખત મુશ્કેલીનો પણ સામનો કરવો પડે છે.

સામેની તરફ હાથ રાખી ને સૂવું

આ રીતે સુતા લોકોનું વ્યક્તિત્વ એ ખૂબ જ ખુલ્લા વિચારો વાળો હોય છે. જેને કારણે ઘણી વખત લોકો તેમને શંકાની નજરે પણ જોતા હોય છે. તેઓ હંમેશા ધીમી ગતિથી અને સમજી વિચારીને આગળ ચાલવાનું પસંદ કરે છે. તેવું દ્રઢ નિશ્ચય કરનારા હોય છે.

સાવધાની મુદ્રામાં સૂવું

આ રીતે સુતા લોકો અંતરમુખી હોય છે અને નિયમો માનનારા હોય છે તેઓ પોતાની જાતને અને અન્યોને પણ ખૂબ જ ગંભીરતાથી લે છે તેઓ પોતાની જાત પાસેથી ઘણી અપેક્ષાઓ બાંધીને રાખતા હોય છે.

ઊંધા અને પહોળા થઈને સૂવું

આવા લોકો ખૂબ જ ઝિંદાદિલ તેમજ ખુલા વિચારો વાળા હોય છે. તેઓને લોકોની સાથે હળવું મળવું ગમે છે. તેઓ મોટાભાગે સ્વતંત્ર રહેવું પસંદ કરે છે. મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતા તેઓ ડરતા નથી અને અન્ય દ્વારા કરવામાં આવતી ફરિયાદો થી તેમને કોઈ જ ફરક પડતો નથી.

સીધા પરંતુ પહોળા થઈને સૂવું

આ રીતે સુતા લોકો ઈમાનદાર હોય છે તેઓ મિત્રતાને ખૂબ મહત્વ આપે છે અન્યોની સમસ્યાઓ ધ્યાનથી સાંભળી તેને સમાધાન આપવાનું પસંદ કરે છે.

બંને હાથ માથા નીચે રાખીને સૂવું

આવા લોકો નિશ્ચિત હોય છે. સામાન્ય રીતે આવા લોકો અન્ય માટે ક્યારેય ખરાબ ઈચ્છતા નથી અને અન્યોના હિત માટે પ્રયત્ન કરતા હોય છે.

ઓશીકું-તકિયાને જોરથી પકડીને સૂવું

આવા લોકો ખૂબ જ પ્રેમાળ હોય છે તેમને અન્ય પાસેથી પણ પ્રેમ પામવાની ઈચ્છા હોય છે તેઓ પોતાના સંબંધોને ખૂબ જ મહત્વ આપે છે તેમજ સંબંધો સારી રીતે નિભાવે પણ છે ઘણી વખત એ પ્રશ્ન થાય કે અમુક લોકો રાત્રે અલગ અલગ રીતે સુતા હોય પરંતુ માત્ર ૫% લોકો જ દરરોજ રાત્રે સુવાની રીત માં પરિવર્તન લાવે છે, એ સિવાય મોટા ભાગે લોકો ચેતન અવસ્થામાં પહોંચ્યા બાદ દરરોજ એક સમાન જ રીતને અનુસરતા હોય છે.

રાજકોટ RTO તંત્રએ એક જ માસમાં દંડપેટે રૂા.૫૩.૭૬ લાખ વસૂલ્યા

ઓવરલોડ, ઓવર ડાયમેન્શન, ઓવરસ્પિડ, ભયજનક ડ્રાઇવીંગ, થર્ડ પાર્ટી વિમો સહિતનાં ૧૨૧૬ કેસો કરાયા

ઓવરસ્પિડ અને ભયજનક ડ્રાઇવીંગનાં જ ૧૮૦ કેસો કરાયા

રાજકોટ, તા.૧૨

રાજકોટ જિલ્લા આરટીઓ તંત્ર દ્વારા ગતમાસ દરમ્યાન પણ રાજકોટ શહેર અને જિલ્લાની ચેકપોસ્ટ તથા હાઇવે ઉપર સઘન ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી સાથોસાથ ટેક્ષ ડીફોલ્ટરો સામે કડક કાર્યવાહી હાથ ધરાઇ હતી. આ બંને કામગીરી દરમ્યાન રાજકોટ જીલ્લા આરટીઓ તંત્ર દ્વારા કુલ ૧૨૧૬ કેસો કરવામાં આવ્યા હતા અને દંડ પેટે રૂા.૫૩.૭૬ લાખથી વધુ રકમની વસૂલાત કરવામાં આવેલ હતી.ખાસ કરીને આરટીઓ તંત્ર દ્વારા હાઇવે તથા ચેકપોસ્ટ ઉપર ચેકીંગ દરમ્યાન ઓવરલોડ, ઓવરડાયમેન્સન બેફામ ઝડપે વાહન ચલાવવું, ભયજનક રીતે વાહન ચલાવવું સહિતના અનેક કેસો કરવામાં આવેલ હતાં અને વાહન ધારક પાસેથી દંડની લાખો રૂપિયાની રકમ વસુલ કરવામાં આવેલ હતી.

વધુમાં રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રના સુત્રોમાંથી મળતી વિગતો અનુસાર રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રએ ચેકીંગ દરમ્યાન બાકી ટેક્ષના ૧૩ કેસોમાં રૂા.૫.૩૫ લાખથી વધુ રકમની વસુલાત કરેલ હતી. જ્યારે ઓવરલોડના ૧૫૯ કેસોમાં ૨૨.૦૮ લાખની દંડ પેટે વસુલાત કરવામાં આવેલ હતી. તેમજ ઓવરડાયમેન્સનના ૯૫ કેસોમાં દંડ પેટે રૂા.૪.૮૮ લાખથી વધુ રકમની વસુલાત કરવામાં આવેલ હતી. આ ઉપરાંત કેલન્ડેનસ્ટાઇન ઓપરેશનના ૯૦ કેસોમાં રૂા.૯ લાખની વસૂલાત કરવામાં આવેલ હતી. જ્યારે રીફલેકટર અને રેડીયમ પટ્ટીના ૨૮૪ કેસોમાં રૂા.૨.૮૪ લાખની વસૂલાત દંડ પેટે કરવામાં આવેલ હતી

તેમજ થર્ડ પાર્ટી વિમા વગરના ૮૬ કેસોમાં રૂા.૧.૭૨ લાખની વસૂલાત કરવામાં આવેલ હતી. જ્યારે હાઇવે ઉપરના ચેકીંગ દરમ્યાન બેફામ ઝડપે વાહન ચલાવતા વાહનધારકો સામે પણ કડક કાર્યવાહી હાથ ધરાઇ હતી. અને બેફામ ઝડપે વાહન ચલાવવાના ૧૨૭ કેસોમાં રૂા.૨.૫૪ લાખની અને ભયજનક રીતે વાહન ચલાવવાના ૬૩ કેસોમાં રૂા.૯૪૫૦૦ની વસૂલાત કરવામાં આવી હતી, આ ઉપરાંત પીયૂસી ચેકીંગમાં ૯૧ કેસોમાં રૂા.૪૫૫૦૦, ફીટનેશ વગરના વાહનના ૬૩ કેસોમાં રૂા.૩.૧૫ લાખ તેમજ હેલ્મેટ, સીટબેલ્ટ અને ચાલુ વાહને મોબાઇલ પર વાતો કરવાના ૪૭ કેસોમાં રૂા.૨૪ હજાર અને અન્ય ૯૮ કેસોમાં રૂા.૫૬ હજારની વસૂલાત કરવામાં આવેલ હતી.

સારી વર્તણુક હોવાથી આજીવન કેદના બે કેદી જેલ મુકત

અમરેલીના હત્યાના કેસના કેદી જગદીશ મકવાણા અને મગન મકવાણાની બાકીની સજા માફ કરાઇ

રાજકોટ, તા. ૧૨

અત્રેની જેલના પાક કામના કેદી અમરેલીના વતની મંગા ઉર્ફે મગનભાઇ દેવશીભાઇ મકવાણા જગો ઉર્ફે જગદીશ દેવશીભાઇ મકવાણાને આઇપીસી કલમ ૩૦૨, ૧૨૦(બી) વગેરેના કામે એડી. સેસન્સ કોર્ટ અમરેલી દ્વારા આજીવન કેદની સજા ફરમાવવામાં આવતા આ બંને કેદીઓ છેલ્લા આશરે ૧૮ વર્ષથી સજા ભોગવી રહેલ હતા. ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ-૪૩૩ (એ)ની જોગવાઇઓને આધિન રહીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ ૪૩૨ હેઠળ રાજય સરકારને મળેલ સતાની રૂએ ઉપરોકત બંને કેદીઓને થયેલ કેદની સજાનો બાકીનો ભાગ રાજય સરકાર દ્વારા માફ

કરી તાત્કાલીક અસરથી જેલ મુકત કરવા નિર્ણય કરેલ હોય. જે અનુસંધાને ઉપરોકત બંને કેદીઓને તા. ૧૧-૧૦ના રોજ જેલ મુકત કરવામાં આવેલ છે.

જેલોના વડા ડો.કે. એલ.એન.રાવની આગેવાની અને માર્ગદર્શન હેઠળ રાજયભરની તમામ જેલો ખાતે પાત્રતા ધરાવતા બંદીવાનોની એડવાઇઝરી બોર્ડ કમીટી ભરી હકારાત્મક અભિગમ સાથે અભિપ્રાયો ભરી સરકારના દરબારમાં મોકલવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા જેલોમાં રહેલ બંદીવાનોમાં સુધાર થાય અને સમાજમાં પુનઃ એકીકૃત થઇ પુનઃ સ્થાપિત થઇ સારા નાગરિક તરીકે જીવન જીવે તેવા ઉમદા અને માનવીય અભિગમો સાથે સરકારને મળેલી સતાની રૂએ બંદીવાનોને મુકત કરાયા છે. આ બંને કેદીઓ જેલ મુકત થઇ સભ્ય સમાજમાં પુનઃ સ્થાપિત થાય અને પોતાના કુટુંબ પરિવાર સાથે સામાન્ય જીવન જીવી પગભર થાય અને અન્યો માટે ઉદાહરણો સ્વરૂપ જીવન ગાળે તે માટે જેલ અધિક્ષક દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજકોટ જિલ્લાનાં ૧૧૯૨ કેન્દ્રો સહિત રાજયભરમાં સરકારે ચાલુ માસમાં આજસુધી જથ્થાની ફાળવણી કરી નથી

અમૂક જિલ્લામાં તો, બે-ત્રણ માસથી અનાજ, દાળ, તેલ મળ્યા નથીઃ તો હવે કેન્દ્રો બંધ કરાશે, ઓલ ગુજરાત મધ્યાહન ભોજન કર્મચારી મંડળની સરકારને રજૂઆત

રાજકોટ,તા.૧૨

ચાલુ ઓકટોબર માસનાં આજે ૧૨ દિવસ વિતી જવા છતા સરકારમાંથી રાજકોટ સહિત રાજયભરનાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોને અનાજ, દાળ અને તેલનો જથ્થો નહી ફાળવાતા હજારો ગરીબ બાળકો ભોજનથી વંચિત રહેતા ભારે દેકારો સર્જાયો છે. ઉલ્લેખનિય છે કે, રાજકોટ જિલ્લામાં જ ૧૧૯૨-મધ્યાન ભોજનનાં કેન્દ્રો છે અને આ એક પણ કેન્દ્રોમાં આજ સુધી અનાજ, દાળ, અને તેલનો જથ્થો નહી મળતા હજારો બાળકોને ભુખ્યા રહેવાનો વારો આવ્યો છે.

ઉલ્લેખનીય બાબત એ પણ છે કે જથ્થાનાં અભાવે વિવિધ જિલ્લામાં કેન્દ્રો બંધ કરવાની પણ ફરજ પડી છે.નોંધનિય બાબત એ પણ છે કે જૂનાગઢના માણાવદર, ખેડા અને ભાવનગરનાં ગારીયાધાર, તથા ગીર સોમનાથનાં ઉના, તાલુકામાં તો છેલ્લા ત્રણ માસથી દાળ, ઘઉં-ચોખા આવ્યા નથી, આથી પરિસ્થિતિ ખૂબજ વિકટ બની છે.દરમ્યાન આ પ્રશ્ને ઓલ ગુજરાત મધ્યાન ભોજન કર્મચારી મંડળ દ્વારા રાજય સરકારને ખાસ પત્ર પાઠવી અને રજૂઆત કરી છે. આ પત્રમાં એસોસિએશનનાં પ્રમુખ કિશોરભાઈ જોષીએ જણાવેલ છે કે મધ્યાન ભોજન યોજના માટે ઓકટોમ્બર માસ માટે વિવિધ જિલ્લામાં અનાજ, દાળ, તેલ આજ તા. ૧૨-૧૦ થઈ હોવા છતાં ફાળવવામાં આવેલ નથી. રાજકોટ-જામનગર ચાલુ માસે જથ્થો નથી બે માસથી દાળ નથી બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ પાટણ, જિલ્લામાં બિલ કુલ જથ્થો મળેલ નથી. ઓનલાઈન પરમીટમાં બચત જથ્થો બાદ કરવામાં આવતા સંચાલક પાસે સ્ટોકમાં પણ જથ્થો નથી આજે ઉપરોકત જિલ્લાના મોટાભાગના કેન્દ્રમાં જથ્થો નથી અને જથ્થાના અભાવે અમારે ના છુટકે કેન્દ્ર બંધ

કરવાની ફરજ પડી છે.

તથા તાપી જિલ્લો, સોનગઢ તાલુકો, ગોધરા તાલુકો, મહીસાગર લુણાવાડા, અમરેલી વડીયા, મોબરબી હળવદ, રાજકોટ ઉપલેટા, જેતપુર, અમદાવાદ દશક્રોઈ તાલુકો જથ્થો આવેલ નથી. જયારે જૂનાગઢ માણાવદર, ખેડા જિલ્લામાં દાળ નથી, ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં બે-ત્રણ માસથી દાળ નથી, ગીરસોમનાથ જિલ્લા ઉના તાલુકામાં ઘઉં-ચોખા નથી, આવા ઘણા તાલુકામાં આજદિન સુધી જથ્થો નથી મળ્યો અથવા દાળ નથી અથવા ચણા નથી હાલ અમુક કેન્દ્રમાં બીલકુલ જથ્થો નથી જો ૧૫ તારીખ સુધીમાં જથ્થો નહી આવે તો કેન્દ્રોબંધ કરવાની ફરજ પડશે.

પોલીસ કમીશનરની અર્વાચીન તથા પરંપરાગત ગરબીના આયોજકો સાથે બેઠક

ગરબામાં સરકારી ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવુ પડશેઃ પોલીસની તાકિદઃ : સીસીટીવી કેમેરા જેવી વ્યવસ્થા ફરજીયાત

રાજકોટ,તા.૧૨

આગામી રવિવારથી નવરાત્રી દાંડીયા રાસ મહોત્સવ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને હેમુ ગઢવી હોલ ખાતે ગરબા આયોજકો સાથે પોલીસની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે આગામી તા.૧૫થી ૨૩ દરમિયાન નવરાત્રીમાં પ્રાચીન અને અર્વાચીન ગરબીના આયોજકોએ સરકારની ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે. ગરબાના આયોજન સ્થળોએ વાહન પાર્કિંગ વ્યવસ્થા, સમય મર્યાદાનું પાલન, સાઉન્ડ સીસ્ટમનો અવાજ, સીસી ટીવી કેમેરાની વ્યવસ્થા સાથે રેકોર્ડીંગ, મેડીકલ સહિતની

વ્યવસ્થાનું સુચન પાલન આયોજકોએ કરવાનું રહેશે. ટ્રાફીક અને પેટ્રોલીંગ બાબતમાં તમામ ગરબા આયોજકોએ સાથ સહકાર આપવો પડશે.

સરકારની ગાઈડલાઈનનાં ભંગ સામે જરૂરી કાર્યવાહી કરાશે તમામ ગરબી મંડળના આયોજકોને પોલીસને સહયોગ આપવા જણાવાયું હતું. નવરાત્રી દરમિયાન ગરબાના આયોજક સ્થળે ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવા સામે ઘણા પ્રાચીન ગરબા આયોજકોએ નારાજગી વ્યકત કરી હતી. કારણ પ્રાચીન ગરબીઓ લોકફાળાથી થતી હોય છે ત્યારે સીસીટીવી કેમેરાનો ખર્ચ કેમ ઉઠાવવો આ બાબતે સરકારે મદદ કરવી જોઈએ.

આ સંકલન બેઠકમાં શહેરના ૩૦ જેટલા ગરબાના મોટા આયોજનમાં ૯થી ૧૨ જેટલા સ્થળોએ એમ્બ્યુલન્સ, તબીબો, સ્ટાફ, દવા સહિતની સુવિધા ઉપલબ્ધ પંડાલ પાસે જ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે યુવા વર્ગમાં હાર્ટએટેકનું પ્રમાણ વધી રહ્યુ હોય ગરબા રમતા યુવા ખેલાડીને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે એમ્બ્યુલન્સની સુવિધા રહેશે.

આ બેંકમાં એડી. સીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન-૧ સજજનસિંહ પરમાર, ડીસીપી ઝોન-૨ સુધીર ચૌધરી, ટ્રાફીક ડીસીપી પુજા યાદવ સહિતના અધિકારીઓ, પ્રાચીન અર્વાચીન ગરબાના આયોજકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાચીન અર્વાચીન ગરબાના આયોજકોએ રજુ કરેલા સુચનાની નોંધ લેવામાં આવી હતી. સાથે તમામ આયોજકોએ સરકારની ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કરવા પોલીસને સાથ સહકાર આપવા અનુરોધ પણ કરવામાં આવ્યો હતો.

શેરી-ગલી, મહોલ્લામાં ગરબી સ્થળોએ ટ્રાફીક બાબતે કાળજી રાખવા તાકીદ કરવામાં આવી હતી. જેની સામે આયોજકોએ આવારા તત્વો સામે કડક કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી હતી. સંકલન બેઠકમાં ગરબા આયોજકો અને પોલીસે અરસપરસ સહયોગ પુરો પાડવાનો સુર વ્યકત થયો હતો.

તંત્રી લેખ

ટેકનોલોજી...

ભારતીય ખગોળ વિજ્ઞાનીઓએ અત્યાર સુધીમાં અવકાશ સંશોધન બાબત દેશના સંદેશ વ્યવહાર તંત્રને શક્તિશાળી બનાવતા અનેક પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે. ઈસરોએ ઓછામાં ઓછા ખર્ચમાં અવકાશમાં ઉપગ્રહ મોકલવાની ટેક્નોલોજી વિકસિત કરી છે અને તેનો ઉપયોગ વ્યવસાયિક સ્તર પર કરવાની શરૂઆત કરી છે. અગાઉ જાન્યુઆરી ૨૦૧૮માં ઈસરોએ ઉતરાયણ પહેલા લોન્ચ કરેલા ૩૧ ઉપગ્રહોમાંથી ૨૮ ઉપગ્રહ પરદેશી હતા. સામાન્ય રીતે અવકાશી પ્રોજેક્ટ અત્યંત મોંઘા અને લાંબાગાળાના હોય છે. ભારતના અવકાશી પ્રોજેક્ટ લાંબા ગાળાના હોય, પરંતુ મોંઘા નથી હોતા. ઉપગ્રહ બનાવવા એ મોટો પડકાર છે, એ રીતે બનાવ્યા પછી તેને લોન્ચ કરવો એ પણ મોટો પડકાર છે. ભારત અત્યારે એ બન્ને પડકાર સફળતાપૂર્વક પાર કરી ચૂક્યું છે. જગતના કુલ ૯ દેશો પાસે જ લોન્ચિંગની સુવિધા છે. પરિણામે એ સિવાયના દેશોએ લોન્ચિંગ માટે ભારત પાસે આવવુ પડે છે. અમેરિકા-ફ્રાન્સ પાસે પોતાની લોન્ચિંગ ફેસિલિટી હોવા છતાં એ ભારતની જ સસ્તી અને વધુ સલામત સેવાનો લાભ લેવાનું પસંદ કરે છે.એક વાતની નોંધ લેવી જોઈએ કે ભારતનો ઉપગ્રહ કાર્યક્રમ સંપૂર્ણપણે બિનલશ્કરી અને ઘર આંગણે વિકસાયેલો છે. રશિયા અને અમેરિકા જેવા દેશોએ પહેલાં લશ્કરી ઉપયોગ માટેનાં મિસાઈલો અને રોકેટો બનાવ્યા પછી તેનો બિનલશ્કરી ઉપયોગ કર્યો હતો. એનો અર્થ એ થયો કે ઉપગ્રહની ટેક્નોલોજી વિકસાવ્યાના દાયકાઓ પહેલાં જ તેમણે સંપૂર્ણ રોકેટ ટેક્નોલોજી વિકસાવી લીધી હતી.

બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનોએ રોકેટ ક્ષેત્રે જે પ્રગતિ કરી હતી તે અમેરિકા અને અન્ય દેશોને બહુ લાભકારક સાબિત થઈ હતી. જાપાન અને ઈઝરાયેલ જેવા અન્ય દેશો અમેરિકાની ડિઝાઈન પ્રમાણે રોકેટ બનાવે છે. આ રીતે જોઈએ તો આપણા વૈજ્ઞાનિકોનો માર્ગ વધુ મુશ્કેલ હતો. તેમણે તો એકડે એકથી બધું જ ઘરઆંગણે વિકસાવવાનું હતું તેથી આપણી સિદ્ધિ વધુ વખાણવાલાયક છે. આગામી દાયકાઓમાં પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ સંદેશવ્યવહાર માટેના ઉપગ્રહો ગોઠવવાની મહત્ત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય યોજનાના સંદર્ભમાં સસ્તા અને વિશ્વાસપાત્ર રોકેટની જરૂરિયાત રહેશે. ભારત ઓછા ખર્ચે ઉપગ્રહો છોડી આપી શકે છે. એટલે આ આંતરરાષ્ટ્રીય બજારમાં તે નિશ્ચિતપણે સ્થાન જમાવી શકશે. ઈસરોએ બનાવેલાં રોકેટો ખૂબ જ સસ્તાં છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો ભારતીય રોકેટ જે કામ ૧૦૦૦ રૂપિયામાં કરી આપે તે કામ માટે ચીન અમેરિકા કે રશિયા ૫૦૦૦થી ૬૫૦૦ રૂપિયા ખર્ચે છે. ભારત વિશ્વમાં સૌથી ઓછી કિંમતે ઉપગ્રહ અવકાશમાં મોકલી આપી શકે તેમ છે.

હવે જીએસએલવી રોકેટની સફળ ઉડાણ પછી તો ભારતે સેટેલાઈટમાં પોતાનું સ્થાન સ્પષ્ટપણે જમાવી લીધું છેઙ્કગજ્ઞક્ષય

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમૃત કળશ યાત્રા યોજાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૧/૧૦ના રોજ સવારના ૯ થી ૧ કલાક સુધી ત્રણ ત્રણ વોર્ડના ગ્રુપ મુજબ વોર્ડ નં.૧,૮,૯ ; ૧૨,૧૧,૧૦ ; ૨,૩,૭ ; ૧૪,૧૭,૧૩ ; ૪,૫,૬ ; ૧૬,૧૫,૧૮ માં અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. તા.૧૧/૧૦ના રોજ યોજાયેલ યાત્રામાં બહોળી સંખ્યામાં કેટેગરી મુજબ ખેડૂતો/પશુપાલકો જોડાયેલ. જેમાં ધારાસભ્યો, રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર ભાજપના હોદેદારો, સામાજીક તથા શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ, વિવિધ સોસાયટીના પ્રતિનિધિઓ, શાળા/કોલેજનાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તેમજ શહેરના નાગરીકો બહોળી સંખ્યામાં જોડાયા હતાં. અમૃત કળશ યાત્રાનું નાગરીકો/સંસ્થાઓ/સોસાયટી દ્વારા સ્વાગત કરવામાં આવેલ તેમજ અમૃત વાટિકાના નિર્માણ માટે પ્રતિક સ્વરૂપે દરેક ઘરમાંથી મુઠ્ઠીભર માટી અથવા ચપટી ચોખાના દાણાનું યોગદાન આપવામાં આવેલ છે.

દેશના ખૂણે ખૂણે બહોળો વ્યાપ ધરાવતી IWAY લોજિસ્ટિકનો રાજકોટમાં પ્રારંભ

૧૯૮૬થી કુરિયર ક્ષેત્ર બહોળો અનુભવ ધરાવતા મેનેજિંગ ડાયરેક્ટર અનિલ સીનકરે ૨૦૦૧ માં ક્રિટિકલ મુવમેન્ટ લોજિસ્ટિકનો પ્રારંભ કર્યો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
શહેરમાં અગાઉથી અસંખ્ય કુરિયર અને લોજિસ્ટિક કંપનીઓ કાર્યરત છે. છતાં પણ આવી કંપનીઓ સાથે બાથ ભીડવા **IWAY** લોજિસ્ટિક સર્વિસિઝ પ્રાઇવેટ લિમિટેડ રાજકોટમાં શરૂ થઈ રહી છે. અને તેમનો ઉદ્દેશ સૌપ્રથમ કસ્ટમરને કસ્ટમાઈઝિંગ સર્વિસ પૂરી પાડવાનો છે.

આ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર અનિલ સીનકર અને ડાયરેક્ટર તરીકે અલય દોશી કાર્યરત છે. તેમાં જોઈએ તો અનિલ સીનકર ૧૯૮૬ થી કુરિયર કંપની સાથે જોડાયેલા છે. જેનો તેમને બહોળો અનુભવ છે. તે સમયે ડોક્યુમેન્ટ સર્વિસની બોલબાલા હતી. ત્યારબાદ માર્કેટમાં એટલે કે આઇટી ઇન્ડસ્ટ્રીઝમાં બદલાવ આવતો ગયો અને આ ઇન્ડસ્ટ્રીઝ ડેવલોપ થવા લાગી તેનો વિસ્તાર વધવા લાગતા કુરિયર

પત્રકાર પરિષદમાં માહિતી આપતા અનિલ સીનકર અને અલય દોશી તસવીરમાં જોવા મળે છે.

કંપનીની સર્વિસમાં પણ વધારો થવા લાગ્યો. બિઝનેસમેનો કંઈક અલગ સર્વિસ માંગતા હતા.જેથી ડાયરેક્ટર અનીલ સીનકરે ૨૦૦૧માં **ID EXPRESS** લોજિસ્ટિક સેવાનો પ્રારંભ કર્યો. જે દેશમાં અને કુરિયર જગતમાં એક નવો જ વિચાર હતો અને માર્કેટમાં લોજિસ્ટિક સર્વિસ શરૂ કરનાર આ એક જ કંપની હતી. **ID EXPRESS** એ ટૂંક સમયમાં તેમની સર્વિસની પાંખમાં વધારો કર્યો હતો અને બહોળો કસ્ટમ્બર વર્ગ મેળવ્યો હતો. જેના કારણે ૨૦૦૫માં **NFO** (નેક્સ્ટ ફ્લાઈટ આઉટ) સર્વિસ શરૂ કરી તેનો પણ કસ્ટમર વર્ષે મોટા પ્રમાણમાં લાભ લીધો હતો. કંપનીનું નામ દેશના ખૂણે ખૂણે થવા લાગ્યું અને નવી નવી ઓફરો પણ મળવા લાગી હતી. જેના કારણે ૨૦૧૯માં આ લોજિસ્ટિક સર્વિસ મારફત બ્લડ સેમ્પલ, પ્લાઝમા સેમ્પલ, કોલ્ડ ચેઈન હેઠળ ૨૭૦૦ પીનકોડ વાળા શહેરોમાં ડીલેવરી શરૂ કરી હતી. હવે અમે નવા વિસ્તાર અને **IWAY** લોજિસ્ટિક સર્વિસ પ્રાઇવેટ લિમિટેડના નવા નામથી ભારતભરમાં ઓળખાશે. આ કંપની હેઠળ હવે હેન્ડ કેરી, ડાયરેક્ટ વિકલ અને એર દ્વારા સર્વિસ નો લાભ મળશે. સર્વિસ માટે આ કંપની પાસે પોતાના વ્હિકલ કાર્યરત છે. તેમજ દેશભરમાં ૬૮ કંપનીની પોતાની શાખાઓ અને ફ્રેન્ચાઈઝી નેટવર્ક સાથે ૧૨૦૫૪ જેટલા સર્વિસબલ પીનકોડ પર કામ કરશે.

ખાસ કરીને જોઈએ તો આ કંપનીનો ઉદ્દેશ કંઈક અલગ છે. કસ્ટમર ને કસ્ટમાઈઝ સર્વિસ આપવા તો માંગે જ છે. પરંતુ બેરોજગારોને રોજગારી અને બિઝનેસમેનોને એક્સ્ટ્રા ઈન્કમની પણ તક આપવા તૈયાર છે. ભારત સરકાર દેશને ડિજિટલ યુગ તરફ લઇ જવા માંગે છે. ત્યારે આ કુરિયર અને લોજિસ્ટિક કંપનીને પણ ડિજિટલી બનાવવા **IWAY** કટિબદ્ધ છે.

વોર્ડ નં.૩ માં ૮.૨૬ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
વોર્ડ નં.૩ અંદાજીત રૂ.૮.૨૬ કરોડના ખર્ચે માધાપર જંકશનથી ઉતર, પૂર્વ અને દક્ષીણ ભાગમાં ડ્રેનેજ લાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશીના વરદ હસ્તે કરવામાં આવેલ. આ ખાતમુહુર્ત કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.આ કામ થવાથી સદગુરૂ પાર્ક, માધવ વાટિકા, જૈનમ ફ્લેટ, અક્ષર ફ્લેટ, સુંદરમ સીટી, સુંદરમ ગોલ્ડ તથા કૃષ્ણનગરના વિસ્તારવાસીઓની સુવિધામાં વધારો થશે.

આ ખાતમુહુર્ત કાર્યક્રમમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, વોર્ડ નં.૩ના કોર્પોરેટર બાબુભાઇ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, વોર્ડ પ્રભારી પુર્વેશભાઇ ભટ્ટ, વોર્ડ પ્રમુખ હેમુભાઇ પરમાર, વોર્ડ મહામંત્રી અભયભાઇ નાંઢા, ડો. હેમંત અમૃતિયા, સુનીલભાઇ ટેકવાણી, દીપકભાઇ દવે તથા સોસાયટીના આગેવાનો અને લતાવાસીઓ ઉપસ્થિત રહેલ.

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ માટે રાસ ગરબાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળના નેજા હેઠળ યુવા સંગઠન અને મહિલા પરિષદ દ્વારા આયોજીત આગામી તારીખ ૧૭/૧૦/૨૦૨૩ (ત્રીજુ નોરતું)ને મંગળવાર રોજ સાંજના ૭ થી ૯ દરમ્યાન જ્ઞાતિની નવી બોર્ડિંગ (બાજ નારણજી ભવન, હરિ કિર્તી હોલ) ખાતે જ્ઞાતિના યુવક - યુવતીઓ માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તમામ જ્ઞાતિબંધુઓને ટ્રેડીશનલ ડ્રેસમાં હાજર રહેવાનું ફરજીયાત છે. તેમજ અલ્પાહારના દાતાઓ સ્વ.રમાબેન બળવંતરાય વ્યાસ હસ્તે અંજનાબેન જયેશભાઇ વ્યાસ પરીવાર તરફથી રાખેલ છે. તો સર્વે જ્ઞાતિબંધુઓને, યુવાન મિત્રોએ દાંડીયા રાસ રમવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં.૧૧માં ૩.૩૦ લાખના ખર્ચે વિશ્વનગરના રસ્તાનું રી-કાર્પેટનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
વોર્ડ નં.૧૧ કોર્પોરેટરઓની રજુઆતને ધ્યાને લઇ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની લોક ઉપયોગી રૂ.૩૦ લાખની ગ્રાન્ટમાંથી વિશ્વનગર સોસાયટીના રસ્તાઓનું રી-કાર્પેટ કરવાના કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહુર્ત કાર્યક્રમમાં મહાનગરપાલિકાના શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, કોર્પોરેટર ભારતીબેન પાડલીયા, રણજીતભાઈ સાગઠીયા, વિનુભાઈ સોરઠીયા, નીતિનભાઈ રામાણી, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, વોર્ડ નં.૧૧ પ્રમુખ મહેશભાઈ પીપળીયા, મહામંત્રી મુળુભાઈ ઓડેદરા, વિનુભાઈ ઈસોટીયા, રસિકભાઈ મુંગરા, સંજયભાઈ બોરીચા, અંકુરભાઇ ધામેલીયા, ફર્નાન્ડીઝ પાડલીયા, પ્રવીણભાઈ પાઘડાર, વાલજીભાઈ લક્કડ, જીતુ ધામેલીયા, અંકિત સોરઠીયા, પ્રવીણભાઈ ઠુંમર, સુરેશભાઈ જીન્જુવાડીયા, આનંદસિંહ, સંજય દવે, ભરતભાઈ ડાભી, વિપુલ કાથરોટિયા, પ્રફુલાબેન બારોટ, પલ્લવીબેન પોપટ, જીજ્ઞાબેન ગેડિયા તથા બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીના પુત્ર મિતેષ જોષીનો આજે જન્મદિવસ,ઠેર-ઠેરથી શુભેચ્છા

રાજકોટ : શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીના પુત્ર મિતેષ જોષીનો આજે જન્મદિવસ છે ત્યારે પોતાના મંગલમય જીવનના ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયો છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે. શહેર ભાજપ કાર્યાલય મંત્રી પપ્પા હરેશભાઈ જોષી તેમજ મમ્મી નીશાબેન જોષીના લાડકવાયો મિતેષ શૈક્ષણિક તથા સંગીત ક્ષેત્રે પણ અગ્રેસર રહયો છે ત્યારે આજે તેમના જન્મદિવસ પર ભાઈ દર્શન, હાર્દિક, ઉદય, હિતેષ, માનવ, રોનીત, રૂષિ, બહેન ઉર્વશી, દ્રષ્ટિ, આસ્થા, પ્રિયા તેમજ જોષી અને વ્યાસ પરિવાર તરફથી તેમના મોબાઇલ નંબર ૯૭૨૭૨૭૧૬૨૫ ઉપર ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે તેમજ દાદા સ્વ.હિંમતભાઈ જોશી તેમજ કાકા સ્વ. રમેશભાઈ જોશીના આશીર્વાદ મળી રહયા છે.

સ્વચ્છ ભારત મિશન-૨.૦ : વોર્ડ દીઠ એક પ્રભારી, વોર્ડ એન્જિનિયર, વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર અને સેનેટરી સબ ઈન્સ્પેકટરની એક એક ટીમની રચના કરાઇ

વોર્ડની કામગીરીની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે : માહિતી આપતા મ્યુનિ.કમિશનર આનંદ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન-૨.૦ અંતર્ગત શહેરની સ્વચ્છતા માટે એક વિશિષ્ટ આયોજન કરવામાં આવેલ છે. આ માટે જુદાજુદા વિસ્તારો અને માર્ગો માટે વરિષ્ઠ અધિકારીઓના નેતૃત્વ હેઠળ એક એક કમિટીની રચના કરવામાં આવેલ છે. જેમાં વોર્ડ પ્રભારી, વોર્ડ એન્જી., વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર અને સેનેટરી સબ ઈન્સ્પેકટરનો સમાવેશ થાય છે.

આ આયોજનને સફળ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સ્વચ્છતા અભિયાન હેઠળ વોર્ડ દીઠ એક એક વોર્ડ પ્રભારી નિયુક્ત કરવામાં આવેલ છે. જેમાં વોર્ડ નંબર-૧માં એડી. સિટી એન્જી. બી.ડી.જીવાણી, વોર્ડ નં.૨માં ટી.પી.ઓ. એમ.ડી.સાગઠીયા, વોર્ડ નં.૩માં એડી. સિટી એન્જી. એચ.એમ.કોટક, વોર્ડ નં.૪માં વેટરનરી ઓફિસર બી.આર.જકાસણીયા, વોર્ડ નં. ૫માં ડાઈરેક્ટર (આઈ.ટી.) એસ.એમ.ગોહિલ, વોર્ડ નં. ૬માં ઝૂ સુપ્રિ.ડો.આર.કે.હિરપરા, વોર્ડ નં. ૭માં પર્યાવરણ ઈજનેર એન.આર.પરમાર, વોર્ડ નં. ૮માં ડાઈરેક્ટર (ગાર્ડન એન્ડ પાર્ક) એલ.જે.ચૌહાણ, વોર્ડ નં. ૯માં સિટી એન્જી.એચ.યુ.દોઢીયા, વોર્ડ નં. ૧૦માં ચીફ એકાઉન્ટન્ટ શ્રી એ.એલ.સવજીયાણી, વોર્ડ નં. ૧૧માં સિટી એન્જી. વાય.કે.ગોસ્વામી, વોર્ડ નં. ૧૨માં સિટી એન્જી. એ.એમ.મિત્રા, વોર્ડ નં. ૧૩માં આસી. કમિશનર એચ.આર.પટેલ, વોર્ડ નં. ૧૪માં એડી સિટી એન્જી. કે. પી. ઠેથરીયા, વોર્ડ નં. ૧૫માં એડી. સિટી એન્જી. કે.એસ.ગોહેલ, વોર્ડ નં. ૧૬માં આસી. કમિશનર વી.એસ.પ્રજાપતિ, વોર્ડ નં. ૧૭માં ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર અને વોર્ડ નં. ૧૮માં એડી. સિટી એન્જી. પી.ડી.અઢિયાનો સમાવેશ થાય છે.

આપઘાતના કેસમાં ત્રણેય સાસરિયાઓને આરોપોમાંથી છોડી મુકવા કોર્ટનો આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨
ગોંડલ પોલિસમાં ફરિયાદી પદ્માબેન પિયુષભાઈ ગોહેલે આપેલ ફરિયાદ મુજબ તેમને ૨ સંતાનો હતા જેમાં ચાંદની નામની દીકરી જેને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હતી જે પેહલા ફરિયાદી પદ્માબેન પિયુષભાઈ ગોહેલની દીકરી ચાંદની ઘરે થી કોઈ ને કહ્યા વગર નિકળી ગયેલ તથા બાદમાં તે લોકોને પોલીસ સ્ટેશનમાથી જાણવા મળેલ કે ફરિયાદી પદ્માબેન પિયુષભાઈ ગોહેલની દીકરી ચાંદનીએ સ્ટેશન પ્લોટમાં રહેતા હાર્દિકભાઈ ભરતભાઈ પરમાર સાથે પ્રેમસબંધમાં હોય તેની સાથે ચાલી ગયેલ છે. અને આર્યસમાજમાં હિન્દુ લગ્નવિધિ મુજબ લગ્ન કરી લીધેલ છે અને ફરિયાદીની દીકરી ચાંદની હાર્દિક ભરતભાઈ પરમાર સાથે સ્ટેશન પ્લોટ ગોંડલ ખાતે રહેતી હતી. ફરિયાદી તથા તેમના પરિવારને જાણવા મળેલ કે આ હાર્દિક ભરતભાઈ પરમાર જેની સાથે તેમની દીકરી ચાંદનીએ લગ્ન કરેલ તેને પહેલા પણ ૨ વખત લગ્ન કરેલ હતા અને અગાઉ ના બંને પત્નિઓ ચાલ્યા ગયેલ હતા અને અગાઉના એક લગ્નથી પુત્ર પણ હતો જે બાબતે ફરિયાદી પદ્માબેન તથા તેમના પતિ પિયુશભાઈએ તેમની દીકરી ચાંદનીને સમજાવેલ. તેમની દીકરી ચાંદની અવારનવાર તેના પિતા પિયુષભાઈ સાથે વાત કરતી હતી અને તેણીને પોતાના પતિ, સાસુ તથા સસરા તરફથી ખૂબ જ દુખત્રાસ હોવાનું જણાવતી તથા છેલ્લે ફરિયાદીની દીકરી ગુજરનાર ચાંદનીનો તેના પિતા પિયુષભાઈ પર ફોન આવેલ અને

રડતાં-રડતાં વાતકરતા કહેલ કે તેના સાસરિયાપક્ષના લોકો બહુ ખરાબ છે તેઓ તેને આખો દિવસ દુખઃત્રાસ આપે છે ત્યારબાદ ચાંદનીએ ગળાફાંસો ખાઈ લેતા આ વાત ની જાણ તથા તરતજ ફરિયાદી પદ્માબેન તેમના પતિ તથા તેમનો દીકરો બધા ઘરે ગયેલ અને ત્યાં જઇ જોયું તો તેમની દીકરી ચાંદની પંખા સાથે ગળાફાંસો ખાઈ ટિંગાયેલી હાલતમાં જોવા મળેલ. જેથી ચાંદનીએ લગ્નના માત્ર બે જ મહિનામાં પોતાના સાસરે સાસરિયાઓના દુઃખ-ત્રાસના લીધે આત્મહત્યા કરી લીધેલ હોય ફરિયાદી પદ્માબેન દ્વારા પોલીસમાં પોતાની દીકરી ચાંદનીને તેના સાસરિયાઓ દ્વારા આપતા દુખઃત્રાસ ના કારણે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધેલ છે તેવી ફરિયાદ કરેલ. જે ફરિયાદ બાદ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવેલ અને જેલ હવાલે કરવામા આવેલ હતા. ત્યારબાદ કેસ ગોંડલની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીએ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં જુબાની આપેલ હતી અને ફરિયાદપક્ષે આરોપીઓને સખત સજા કરવા દલીલો કરેલ હતી. તમામ સાક્ષીઓની જુબાનીનોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે રજૂ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓ ધ્યાને લઈ ગોંડલ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓ હાર્દિક ભરતભાઇ પરમાર, તેના પિતા ભરતભાઇ પરમાર તથા તેના માતા રીટાબેન પરમાર ને તમામ આરોપો માથી છોડી મૂકવાનો હુકમ કરેલ.

આ કેસમાં આરોપીઓ વતી બચાવપક્ષે રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, એસ.એન.ભટ્ટી, અજીતભાઇ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શક્તિતભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ અને ફેઝાનભાઈ સમા રોકાયા હતા.

ONGC ગુજરાતી સેવા સમાજના કાર્યકારી પ્રમુખ તરીકે ચેતન રામાણીની નિમણુક

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૨ ONGC ગુજરાતી સેવા સમાજના કાર્યકારી પ્રમુખ તરીકે ચેતન રામાણીની નિમણુક કરવામાં આવી છે. ભારત સરકારનું સંયુકત સાહસ, નવરત્ન કંપની ONGC વિવિધ રાજ્યોમાં કાર્યરત જાહેર સાહસની અગ્રીમ તેલ ઉત્પાદન કરતી કંપની છે.

મોઢ મહોદય સંસ્થા ભાવનગર દ્વારા

રાજકોટમાં રાષ્ટ્રીય કક્ષાનું 'મોઢ યુથ કોન્કલેવ-૨૦૨૩ નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

તાજેતરમાં મોઢ મહોદય સંસ્થા ભાવનગરના નેતૃત્વમાં રાજકોટ ખાતે મોઢ મહોદય સંસ્થા તેમજ રાજકોટની સમસ્ત મોઢ વણીક જ્ઞાતીના યજમાન પદે સમગ્ર ભારતના અલગ અલગ શહેરોમાં વસતા મોઢ વણીક જ્ઞાતીના તેજસ્વી તારલા અને તેજ તરાર મોઢ વણિક જ્ઞાતીના યુવાનો યુવતી ઓ એક જ સ્થળે એકત્રીત થાય એક બીજાની કુનેહ અને નિપૂર્ણતા તેમજ વિચારોનું જ આદાન પ્રદાન કરે અને શૈલ મિલાપ થકી સંબંધોથી રોજગાર સુધીની બાબતોમાં એક બીજાને ઉપયોગી થતી તે હેતુથી મોઢ યુવા કોન્કલેવ પ્રોગ્રામનું આયોજન રૈયા રોડ પર પ્રમુખ સ્વામી ઓડીટોરીયમમાં કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં યુવક-યુવતી જોડાયા આર્થીક, સામાજીક અને શૈક્ષણીક રીતે સંગઠીત થવાના ઉદેશથી આયોજન કરવામાં આવેલ.

સમારંભના પ્રમુખ સ્થાને દેવાંગભાઈ પરીખ અમદાવાદ, હેમાંગભાઈ પરીખ, સમારંભના મુખ્ય મહેમાન પદે અમદાવાદના રીતેશભાઈ પરીખ, વડોદરાના કૃણાલભાઈ પરીખ ત્થા કોન્કલેવના માર્ગદર્શક અને સમારંભના ઉદ્ઘાટક પદે સી.એ. સરજભાઈ મહેતા અમદાવાદ, વિષેશ ઉપસ્થીતમાં કશ્યપભાઈ ડી. પટેલ, કુ. શ્રુતી એ. પટેલ, ડો. રૂત્વી એચ. અંબાણી, શ્યામ એ. ગઢીયા, રાજ ડી. શાહ, નમન એ. પટેલ, કુ. કસક કે. કલ્યાણી ખાસ ઉપસ્થીત રહીને દીપપ્રાગટય કરી યુવાનોને પ્રોત્સાહીત કરેલ સર્વે મહેમાનઓનું પુષ્પ ગુચ્છ આર્કષક મોમેન્ટોથી કરવામાં આવેલ સ્વાગત પ્રવચન મોઢ મહોદય સંસ્થા વતી માનદ મંત્રી દિપકભાઈ ધોળકીયા રાજકોટની એડહોક કમીટી વતી મોઢ વણિક મિત્ર મંડળના પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી, સમસ્ત મોઢ વણિક જ્ઞાતીના સાતેય મંડળ વતી રાજકોટ મોઢ વણીક મહાજન ટ્રસ્ટના પ્રમુખ ભાગ્યેશભાઇ દ્વારા કરેલ.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં મોટીવેશન સ્પીકર અમદાવાદના સી.એ. રારજીભાઈ મહેતા એ ઓડીયન્સને કારકીર્દી ઘડતર, આર્થીક સક્ષમતા, નાણાકીય પ્રશ્નો, જીવનમાં કેમ આગળ વધી શકાય તેની સરલ ભાષામાં સમજણ સાથે માર્ગદર્શન પુર પાડેલ, જુદા જુદા વિષય પર એકસપોર્ટના માર્ગદર્શન લેવા આપકી અદાલતનું આયોજન કરવામાં આવેલ જેમાં અતુલભાઈ વોરા, જયભાઈ મહેતા,

સી.એ. સરજુભાઈ મહેતા, જયેન્દ્રભાઈ મહેતા, કલાબેન પારેખ, તુષારભાઈ સળ પરીખ,ડો. નિરવભાઈ માણીયાર, ડો. પાર્થ શાહ, હિતેશભાઈ પરીખ સહિતની તર્જજ્ઞની પેનલ પ્રત્યુતર આપવા સ્ટેજ પર ઉપસ્થીત રહેલ સામે પક્ષે ઓડીયન્સમાંથી જે સવાલોનો મારો થયેલ તે કરવામાં એન્કરીંગ મનોજભાઈ કલ્યાણીએ કરેલ જેને તર્જજ્ઞ પાસે પ્રશ્નોનો ધોધ વહાવેલ જેનો તજજ્ઞ ટીમે એક દમ વિસ્તૃત સરલ ભાષામાં ઉતર આપેલ, ઓડીયન્સએ પ્રત્યુતર સાંભળીને સંતોષ વ્યકત કર્યો હતો.

ઉપરોકત કાર્યક્રમમાં મોઢ મહોદય રાજકોટના એડહોક કમીટી મેમ્બરમાં મુકેશભાઈ દોશી, કેતનભાઈ પારેખ, કેતનભાઈ મેસ્વાણી, ભાગ્યેશભાઈ વોરા, સંજયભાઈ મણિયાર, પ્રનંદભાઈ કલ્યાણી, શ્રેયાશભાઈ મહેતા, ગીતાબેન એ. પટેલ, પ્રતિમાબેન પારેખ, ખાસ ઉપસ્થીત રહી ઉપરોકત કાર્યમાં સહભાગી થયેલ યુથ વિંગમાંથી મનોજભાઈ કલ્યાણી (કન્વીનર) યશભાઈ રાઠોડ, પ્રશાંતભાઈ ગાંગડીયા, જયભાઈ મહેતા, ગોપીભાઈ પટેલ ઉપસ્થીત રહેલ પ્રસંગો ચિત ઉદબોધન કરવામાં મોઢ મહોદયના પ્રમુખ હર્ષદભાઈ શાહ, દિપકભાઈ ધોળકીયા તથા અન્ય યુવા અતિથિ વિષેશઓ પ્રવચન આપેલ યુવા વર્ગની નવી પેઢીના પ્રવચનને સવિષેશ આવકારેલ, મોઢ મહોદયના સહતંત્રી મહેન્દ્રભાઈ વોરા, એડહોક કમીટી મેમ્બર ધર્મેશભાઈ કલ્યાણી તથા રાજુભાઈ ધારૈયાએ હાજરી આપી કાર્યક્રમને શુભેચ્છા પાઠવેલ.

ઉપરોકત કાર્યક્રમ યશસ્વી બનાવવમાં મોઢ મહોદયના પ્રમુખ હર્ષદભાઈ શાહ માનદ મંત્રી દિપકભાઈ ધોળકીયા, રાજકોટના મોઢ મહોદયના કારોબારી મેમ્બર કિરીટભાઈ પટેલ, કિરેનભાઈ છાપીયા, એડહોક કમિટિ મેમ્બર, મુકેશભાઈ દોશી, કેતનભાઈ પારેખ, કેતનભાઈ મેસ્વાણી, ભાગ્યેશભાઈ વોરા, સંજયભાઈ મણીયાર, પ્રનંદભાઈ કલ્યાણી, ગીતાબેન એ. પટેલ, પ્રતિમાબેન પારેખ, યુથ વિંગના મનોજભાઈ કલ્યાણી, યશભાઈ રાઠોડ, પ્રશાંતભાઈ ગાગંડીયા, જયભાઈ મહેતા, ગોપીભાઈ પટેલ કાર્યકર્તામાં જીગ્નેશભાઈ મેસ્વાણી, રાજદીપ શાહ, શ્યામલ પારેખ, શ્યામલ ગાંધી, ડો. ઉત્સવ શાહ, દર્શીત વોરા, અતુલ પારેખ, દિપક મહેતા, સંજય મહેતા, સુનીલ બખાઈ, યશ બખાઈ, ધર્મેશ મહેતા, જીગ્નેશ દોશી, પ્રતાપ દોશી, નિતાબેન મહેતા, શ્વેતાબેન વી. પટેલ, જુલી મણિયાર, નિશા ધ્રાંફણી, હેમાલી મહેતા, હેમા શાહ, સોનાલીબેન વોરા, ભૈરવીબેન ભાઠા, ઘનશ્યામ શાહ, નિતાબેન પારેખ, છાયા વજેરીયા, ક્રિષ્ના મણીયાર, નીલા મહેતા, લ મીરા મહેતા એ જહેમત ઉઠાવેલ. તેમ રાજકોટના કમીટી મેમ્બર કિરીટભાઈ પટેલ તથા શ્રી કિરેનભાઈ છાપીયાની યાદીમાં જણાવેલ છે.

પીજીવીસીએલ દ્વારા રૂા.૧૨૮.૨૭ કરોડની પાવર ચોરી પકડાઈ

એપ્રિલ-૨૦૨૩ થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૨૩૭૫૫૬ વીજ જોડાણોની ચકાસણી, ૪૨૫૦૫ કનેકશનમાં ગેરરીતિ ઝડપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

જીયુવીએનએલનાં માર્ગદર્શન અને પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસની સૂચના હેઠળ તથા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેરઓ અને વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરેઓની રાહબરી અને સીધી દેખરેખ હેઠળ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૩ એમ ૬ માસમાં સૌરાષ્ટ્ર કચ્છમાં વીજ ચેકિંગની કામગીરી દરમ્યાન આશરે કુલ રૂ. ૧૨૮.૨૭ કરોડની પાવર ચોરી પકડી પાડવામાં આવેલ છે.

વિવિધ ટીમો દ્વારા વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૨૩૭૫૫૬ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવેલ જેમાંથી કુલ ૪૨૫૦૫ કનેકશનમાં ગેરરીતિ ઝડપાઈ હતી.

પીજીવીસીએલ દ્વારા એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૩-૨૦૨૩ સુધી ૬ માસમાં વીજચોરીમાં પકડાયેલ કેસની સંખ્યા રકમ પ્રમાણે.

પીજીવીસીએલ દ્વારા એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૩-૨૦૨૩ સુધી ૬ માસમાં રહેણાંક, ઔધોગિક અને વાણિજય હેતુ, ખેતીવાડી એમ અલગ અલગ કેટેગરી વાઈઝ ચેક કરેલ વીજ જોડાણો, વીજ ચોરીમાં પકડાયેલ વીજ જોડાણો, તેને આપવામાં આવેલ પાવર ચોરીના બીલની રકમ દર્શાવતી માહિતી.

એપ્રિલથી સપ્ટેમ્બર-૨૦૨૩-૨૦૨૩ નો વીજ ચેકિંગનો અહેવાલ

વર્તુળ કચેરીનું નામ	વીજજોડાણ ચકાસણીની સંખ્યા	વીજચોરી પકડાયાની સંખ્યા	આકારણી થયેલ કુલ રકમ (રૂ.લાખમાં)
રાજકોટ શહેર	૩૩૯૨૧	૪૩૮૫	૧૦૪૧.૬૧
રાજકોટ ગ્રામ્ય	૨૭૬૯૯	૪૨૯૦	૧૨૪૪.૨૪
મોરબી	૧૭૬૮૪	૨૮૦૫	૭૮૪.૦૬
પોરબંદર	૨૪૩૦૬	૩૭૦૩	૮૭૭.૪૩
જામનગર	૧૩૧૨૦	૩૩૨૧	૧૧૩૧.૪૬
ભુજ	૧૭૩૭૨	૧૪૮૫	૫૬૪.૮૫
અંજાર	૯૫૭૭	૧૬૭૧	૧૧૭૭.૮૮
જૂનાગઢ	૨૪૪૪૬	૩૬૬૨	૧૦૮૦.૦૪
અમરેલી	૧૬૪૧૨	૩૬૮૧	૭૮૬.૩૭
બોટાદ	૧૦૫૬૧	૨૫૩૦	૫૫૫.૧૧
ભાવનગર	૨૦૧૪૧	૫૫૦૨	૨૦૪૭.૪૬
સુરેન્દ્રનગર	૨૨૩૧૭	૪૮૪૦	૧૫૩૪.૩૦
કુલ	૨૩૭૫૫૬	૪૨૫૦૫	૧૨૮૨૭.૮૬

રકમ	વીજચોરીમાં પકડાયેલા કેસની સંખ્યા
રૂ.૧ લાખથી ૧૦ લાખ સુધીની રકમનું એસેસમેન્ટ	૨૨૦૪
રૂ.૧૦ લાખથી ૨૫ લાખ સુધીની રકમનું એસેસમેન્ટ	૪૪
રૂ.૨૫ લાખથી ૫૦ લાખ સુધીની રકમનું એસેસમેન્ટ	૧૬
રૂ.૫૦ લાખથી ૧ કરોડ સુધીની રકમનું એસેસમેન્ટ	૧૨
રૂ.૧ કરોડથી વધુની રકમનું એસેસમેન્ટ	૩

કનેકશનની કેટેગરી	વીજજોડાણ ચકાસણીની સંખ્યા	વીજચોરી પકડાયાની સંખ્યા	આકારણી થયેલ કુલ રકમ (રૂ.લાખમાં)
ઔધોગિક	૮૦૪૩	૨૨૫	૧૫૨૦.૬૪
રહેણાંક	૧૮૬૭૨૬	૩૫૬૬૫	૭૫૭૩.૬૨
વાણીજય	૨૮૪૫૭	૪૧૧૬	૩૧૩૦.૮૪
ખેતીવાડી	૧૪૩૩૦	૨૪૬૯	૬૦૨.૭૬
ટોટલ	૨૩૭૫૫૬	૪૨૫૦૫	૧૨૮૨૭.૮૬

આઈપીએલ-મોડલ બોટ રેસે કેરળની તમામ સીઝનને ડેસ્ટિનેશનના રૂપમાં સ્થાપિત કર્યું

વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે ચેમ્પિયન્સ બોટ લીગ રેસનો વ્યાપ વધારવામાં આવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થયા બાદ કેરળએ **IPL**-મોડલ ચેમ્પિયન્સ બોટ લીગ **(CBL)** રેસ જેવા પોતાના ઇનોવેટિવ પ્રોડક્ટની સાથે દક્ષિણના રાજ્યને આગળ વધારવામાં મદદ કરીને તમામ સીઝનના અનુભવી સ્થળ તરીકે વધુ આકર્ષણ મેળવ્યું છે. આ એક અત્યંત પસંદગીના ટુરિસ્ટ હબ તરીકે ઓળખાવા લાગ્યું છે. એક સપ્તાહ સુધી ચાલનારા ઓણમની ઉત્સવ બાદ જે માં પ્રવાસીઓના આગમનમાં વધારો જોવા મળ્યો હતો, જે ગયા મહિનાની શરૂઆતમાં શરૂ થયેલી વાર્ષિક **IPL** એમમોડલની ત્રીજી સિઝ રાજ્યના તમામ પ્રદેશોમાં સ્થાનિક ફૂટફોલને વેગ આપશે તેવી આશા છે.

કેરળના બેકવોટર્સમાં આયોજિત ચેમ્પિયન્સ બોટ લીગ એક દુર્લભ વિઝયુઅલ ટ્રીટ ઓફર કરે છે. જ્યાં પ્રત્યેક બોટ સેકડો નાવીકો દ્વારા સંચાલિત શાનદાર સ્નેક બોટ (ચુંદન વલ્લમ) નીલમ બેકવોટરમાંથી પસાર થઈને ઉત્સાહ અને જોશની આભા ઉત્પન્ન કરતા દોડે છે.

અમારા સમયના પ્રવાસીઓની માંગ અને રુચિને ધ્યાનમાં રાખીને કેરળએ હાલના ઉત્પાદનોનો વ્યાપ વધારવા અને રાજ્યની વિશિષ્ટ વિશેષતાઓને રજૂ કરવા ઉપરાંત કેટલાક આકર્ષક ઉત્પાદનો લોન્ચ કર્યા છે. આ વર્ષે અમે નવા પ્રવાસન ઉત્પાદનોનો અનુભવ કરવા માટે વધુ સ્થાનિક પ્રવાસીઓને આકર્ષીને આગલા સ્તરના પ્રોત્સાહનને શોધી રહ્યા છીએ, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

પ્રવાસીઓને આકર્ષવા માટે પોતાની નવીન પહેલને વધુ સમર્થન આપતા કેરળ ટુરિઝમે તાજેતરમાં બહારના બજારોમાં તેના અસરકારક મેસેજિંગ માટે પેસિફિક એશિયા ટ્રાવેલ એસોસિએશન **(PATA)** ગોલ્ડ એવોર્ડ મેળવ્યો છે. એવોર્ડ વિનિંગ કોમ્પિટિશન મેક અપ ફોર લોસ્ટ ટાઇમ, પેક અપ ફોર કેરળની સંકલ્પના કોવિડ બાદ સામાન્ય સ્થાનિક સ્થિતિમાં આવનારા પ્રવાસીઓ માટે કરવામાં આવી છે. જેને પ્રિન્ટ, રેડિયો, **OOH**, ડિજિટલ વિડિયોઝ અને બેનરો (વેબ પોર્ટલ) અને સોશિયલ મીડિયા ચેનલો સહિત તમામ મુખ્ય મીડિયા પ્લેટફોર્મ્સમાં ધૂમ મચાવી હતી.

ટુરીઝમ સેક્રેટરી કે.બીજુએ કહ્યું કે, રાજ્યમાં પ્રવાસીઓ માટે વિવિધ પ્રકારના અનુભવો પ્રદર્શિત કરવા માટે ટ્રેડ ફેર અને રોડ-શો આદર્શ અવસર અને ઉત્તમ માધ્યમ છે.

તાજેતરના ટ્રેન્ડ દર્શાવે છે કે કેરળ એક ગ્લેમરસ વેડિંગ ડેસ્ટિનેશન બની ગયું છે. કેરળનું અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્ય, મનોહર સ્થળો, ઉત્તમ રહેઠાણ અને ભોજન સમારંભની સુવિધાઓ અને કનેક્ટિવિટી તેને વિશ્વના શ્રેષ્ઠ લગ્ન સ્થળોમાંનું એક બનાવે છે. કે.બીજુએ વધુમાં ઉમેર્યું હતું કે, પામ વૃક્ષો, નૈસર્ગિક દરિયાકિનારા, છાંટા ચાના બગીચાઓ સાથેના રહસ્યમય હિલ સ્ટેશનોથી લહેરાતા શાંત બેકવોટર સાથે રાજ્ય નવી શરૂઆત કરવા માટે એક આદર્શ સ્થળ બની ગયું છે.

૨૦૨૨માં કેરળએ **SATTE** દિલ્હી, **OTM** મુંબઈ, **TTF** અમદાવાદ, **BIT** મિલાન, **IMTM** તેલ અવીવ, **ATM** દુબઈ, **WTM** લંડન અને **ITB** બર્લિન જેવા ભારત અને વિદેશમાં મેજર ટુરીઝમ અને ટ્રાવેલ ફેર કરીને પોતાની અલગ છાપ ઊભી કરી છે.

કેરળ પ્રવાસન માટે ૨૦૨૨નું વર્ષ સિદ્ધિઓ અને પ્રેરણાદાયી વૈશ્વિક અને રાષ્ટ્રીય સન્માનનું વર્ષ હતું. ટાઇમ મેગેઝિને કેરળને ૨૦૨૨માં એક્સપ્લોર કરવા માટેના ૫૦ એસ્ટ્રા-ઓર્ડિનરી ડેસ્ટિનેશન પૈકીનું એક ગણાવ્યું છે. કોન્ડે નાસ્ટ ટ્રાવેલરે કેરળના અયમાનમ ગામને ૨૦૨૨માં મુલાકાત લેવા માટેના ૩૦ શ્રેષ્ઠ સ્થળોમાંના એક તરીકે માન્યતા આપી હતી, જ્યારે માર્ચમાં ટ્રાવેલ પ્લસ લેઝર મેગેઝિન દ્વારા ગ્લોબલ વિઝન એવોર્ડ માટે રાજ્યની પસંદગી કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

PACKAGINGHUB

प्रोडकट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

રાજેશ સવનિયા અને ટીમ આયોજીત પ્રજાપતી રાસોત્સવ-૨૦૨૩ નું આયોજન

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલા મહેશ ભરડવા, પાર્થ નેના, કુમન પાનખાણીયા, જગદીશ મજેવડીયા અને કેયુર મજેવડીયા તસવીરમાં નજરે પડે છે.

રાસોત્સવનું સંચાલન છાયા ચૌહાણ દ્વારા કરવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજેશ સવનિયા અને ટીમ આયોજીત પ્રજાપતી સમાજના યુવા ધન દ્વારા છેલ્લા ચાર વર્ષથી સમસ્ત પ્રજાપતી રાસોત્સવ ઉજવ્વી માતાની આરાધના કરતા આવ્યા છીએ. એજ રીતે આ વર્ષ પણ રાજેશ સવનિયા અને ટીમ આયોજીત પ્રજાપતી રાસોત્સવ ૨૦૨૩, રાજકોટ ખાતે તા.૧૪/૧૦ ના રોજ આયોજકો દ્વારા જોરોશોરથી પ્રજાપતિ સમાજના ખૈલયા માટે એક નવા જ એક જોશ અને ઉમંગ સાથે લીયો લાયન્સ, નાના મવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ ના આંગણે એક લાખ વોલ્ટ સાઉન્ડ સિસ્ટમના સથવારે નવા જ અંદાઝમા ડાંડિયાની રમઝટ બોલાવવા માટે એક દિવસ સમસ્ત પ્રજાપતી સમાજની રાત્રીનુ આયોજન કરવામા આવેલ છે.

રાજેશ સર્વનિયા અને ટીમ આયોજિત પ્રજાપતી રાસોત્સવમાં દર વર્ષની જેમ આ વર્ષ પણ પ્રિન્સ - પ્રિન્સેસને ઉત્સાહ ભેર ખૈલયાઓને લાખેણા ઈનામો ભેટ આપવામા આવે છે. તેમજ ખૈલયાનો ઉત્સાહ વધારમા આવે છે. તેમજ સંપૂર્ણ રાસત્સોવનું આયોજનનુ સંચાલન છાયા ચૌહાણ દ્વારા કરવામા આવશે.

રાજેશ સવનિયા અને ટીમ આયોજિત પ્રજાપતી રાસોત્સવ ૨૦૨૩ ના કાર્યક્રમને ખુબ સારી રીતે આયોજન કરવા માટે સમાજના ઉત્સાહી તેમજ સામાજીક ક્ષેત્રે ખુબજ આગવું નામ ધરાવતા કેસરજીવન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ ગં. સ્વ. કેસરબેન તથા સ્વ. જીવનભાઈ ગોવાભાઈ ગાધેર પરિવાર તરફથી ખૈલયાઓને ડાંડીયાની રમઝટ માણવા માટે પોન્સર બનેલ છે.

રાસત્સોવમાં ડાંડીયાની રમઝટ કરાવવા માટે બોમ્બેનું પ્રખ્યાત ઓરકેસ્ટ્રા બેન્ડ ધૂમ મચાવશે. તેમજ સાથે સૌરાષ્ટ્રના પ્રખ્યાત તેમજ જાણીતા સંગીતકાર પુનમબેન ગોંડલીયા, અમરેલીના આશિષભાઈ હરિયાણી, સાથે રાજકોટના હર્ષાબેન ગઢવી પ્રાચીન અને જુના-નવા હિન્દી ગીતોની ધૂમ મચાવશે. સાથે મસ્ત મજાનું ગ્રાઉન્ડ પર ઓપન સ્ટેજની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સૌપ્રથમવાર પુનમબેન ગોંડલીયા નવરાત્રીના આયોજમાં અવાજ આપી રહ્યા છે. ત્યારે પ્રજાપતી સમાજના ખૈલયાઓમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમજ રાજેશ સવનિયા અને ટીમ આયોજિત પ્રજાપતી રાસત્સોવ ૨૦૨૩ ના તમામ આયોજક તરફથી સમાજના ખૈલયાઓને ડાંડીયાની રમઝટ બોલાવવા માટે આવકારીએ છીએ. તેમ જણાવ્યું છે.

આયોજકશ્રીઓ

રાજેશ સવનિયા, મહેશ ભરડવા, પંકજ નેના, રમેશ ગોહેલ, જયકર ગોહેલ, પ્રફુલ કુકડીયા, વિમલ પાનખાણીયા, દિપક લાડવા, સંજય ગાધેર, ભાવેશ ગઢવાણા, દિલીપ છાંયા, વિનોદ ભરડવા, પાર્થ નેના, કુમન પાનખાણીયા, બ્રિજેશ નેના, કેતન નેના, દિનેશ કુકડીયા, જયેશ માલવિયા, જગદીશ મજેવડીયા, કેયુર મજેવડીયા

ભારતીય મૂળની અમેરિકન ટીનેજરના પ્રથમ પુસ્તકનું

ગુજરાત લીટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા યોજીત બારમાં દ્વિવાર્ષિ સાહિત્ય સંમેલનમાં-વિમોચન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ગુજરાત લીટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકાનું બારમું દ્વિવાર્ષિ સંમેલન ૧૫,૧૬ અને ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન રોયલ આલ્બર્ટ પેલેસ, એડિસન, ન્યુ જરસી ખાતે યોજાઈ ગયું.

આ અવસરે ૧૬ સપ્ટેમબરના ભારતીય મૂળની અમેરિકન ટીનેજર આરના ઈષિત વછરાજાનીના પ્રથમ પુસ્તક **UDAYA** ઉદયાનું વિમોચન એકેડેમીના પ્રમુખ રામભાઈ ગઢવી, નિવૃત્ત સનદી અધિકારી, અધ્યક્ષ ગુજરાત સાહિત્ય એકાદમી ભાગ્યેશ ઝા ના વરદ હસ્તે થયું.

આ પ્રસંગે સર્વ વિનોદ જોશી, મધુ રાય, જય વસાવડા, અંબાદાન રોહડિયા, હેમલ વૈષ્ણવ, વિરલ રાચ્છ, જિગીષા દિલીપ, ડો. અશરફ ડબાવાળા, સુધીર વૈષ્ણવ, સુભાષ ભટ્ટ, નેહલ ગઢવી, ડો. મધુમતી મહેતા, આશિષ દેસાઈ અને દેશ વિદેશના વિશાળ સાહિત્ય પ્રેમીઓ હાજરી રહ્યાં. આરના અને સાઈશા ઈષિત વછરાજાની દ્વારા સર્જકોને પુસ્તક અર્પણ કરવામાં આવ્યું. **Udaya -Amazon India Best Seller List** મા બીજા ક્રમાંકે તો **Amazon USA** ટીનેજર કેટેગરીમાં બારમા ક્રમાંક પર સ્થાન પામેલ છે.

આ પુસ્તક ઈ બુક તરીકે **Amazon.in** પર રૂપિયા ૧૪૯/માં અને પેપર બેક **Notion Press (notionoress.com). Amazon, Flipkart** ઉપર પણ રૂપિયા ૩૪૯/માં ઉપલબ્ધ છે.

જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વમાં ચંદીગઢમાં વાયબ્રન્ટગુજરાત-૨૦૨૪' અંતર્ગત ભવ્ય રોડ શો યોજાશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪' અંતર્ગત યોજાનાર રોડ શો પૂર્વે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને ગુજરાતનું ડેલિગેશન બુધવારે પંજાબના લુધિયાણા શહેરના પ્રવાસે પહોચ્યું હતું. લુધિયાણા સ્થિત વિવિધ કંપનીઓના ચેરમેન અને એમ.ડી.એ મંત્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈની આગેવાનીમાં ડેલિગેશને લુધિયાણા ખાતે ગંગા એક્રોવુલસ લિમિટેડ તેમજ એંવોન સાયકલ્સ લિમિટેડ કંપનીની રૂબરૂ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની વિગતો મેળવી હતી. મુલાકાત દરમિયાન જળ સંપત્તિ મંત્રીએ ગંગા એક્રોવુલસ લિમિટેડના પ્રમુખ અમિત થાપર, મેનેજીંગ ડાયરેક્ટર રવિનદર વર્મા તેમજ એંવોન સાયકલ્સ લિમિટેડના ચેરમેન- મેનેજીંગ ડિરેક્ટર ઓનકાર સિંહ પાહવા તથા જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર રિશી નાહવા સહિત કંપનીના હોદેદારો સાથે બેઠક યોજીને ગુજરાતમાં આ ક્ષેત્રે રોકાણની તકો અંગે માહિતી મેળવી હતી. જળસંપત્તિ મંત્રીએ આગામી તા.૧૦ થી ૧૨ જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં યોજાનાર '૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪'માં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત દેશભરના રોકાણકારો ગુજરાતમાં વધુ રોકાણ કરે તે હેતુથી જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયાના નેતૃત્વમાં તા.૧૨ ઓક્ટોબરે ચંદીગઢ ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૪' અંતર્ગત ભવ્ય રોડ શો યોજાશે. આ રોડ શો દરમિયાન વાયબ્રન્ટ ગુજરાતની પ્રમોશનલ ફિલ્મની સાથે સર ધોલેરા તેમજ ગિફ્ટ સિટી-ગાંધીનગરની વિવિધ ફિલ્મો દર્શાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સૌપ્રથમ વર્ષ ૨૦૦૩માં 'વાયબ્રન્ટ ગુજરાત' સમિટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેની સફળતાના પરિણામે આજે ગુજરાત દેશભરમાં રોકાણ માટેનું 'બેસ્ટ ડેસ્ટિનેશન' બન્યું છે. આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાતના સફળતાપૂર્વક ૨૦ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત દેશભરના રોકાણકારો ગુજરાતમાં વધુ રોકાણ કરે તે હેતુથી મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યોઓની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ રાજ્યોમાં રોડ શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આઈ.ટી.આઈ. રાજકોટ ખાતે એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટના નાગેશ્વર મંદિરની બાજુમાં, શેઠનગર સામે જામનગર રોડના આઈ.ટી.આઈ ખાતેના જી.એસ.આર.ટી.સી. માટે એપ્રેન્ટિસની ભરતી કરવા તા. ૧૭-૧૦-૨૦૨૩ના રોજ સવારે ૧૦ કલાકે ભરતી મેળાનું આયોજન કરાશે. જેમાં એપ્રેન્ટિસની કોપા, મિકેનિક ડીઝલ એન્જીન મોટર મિકેનિક વિહકલ, વેલ્ડર(ગેસ ઇલેક્ટ્રિકલ) ટ્રેડઝ સહિતની જગ્યાઓ માટે ટ્રેડના આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારોએ ભરતી મેળામાં ભાગ લેવા આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા જામનગર રોડ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

વિવિધ સ્પોર્ટ્સ સંકુલોમાં સભ્ય નોંધણી ૧૦ દિવસમાં ૫૩૫૪ સભ્યો નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

મહાનગરપાલિકા હસ્તકની વિવિધ રમત ગમતની સુવિધાઓ જેવી કે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનીસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, રેસકોર્ષ જીમ, નાના મવા મલ્ટિ એક્ટીવિટી સેન્ટર લેડિઝ જીમ, શેઠ હાઈસ્કુલ જીમ તથા સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર કોઠારીયા રોડ, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર કાલાવડ રોડ, શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર રેસકોર્ષ, શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર પેડક રોડ તથા શ્રી જીજાબાઇ મહિલા સ્નાનાગાર, તમામ ૦૫ સ્નાનાગારો ખાતે શિખાઉ તથા જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા તા.૧/૧૦/૨૦૨૩ થી શરૂ કરવામાં આવેલ. જેમાં રજિસ્ટ્રેશન શરૂ થયાના પ્રથમ ૧૦ દિવસમાં જ કુલ ૫૩૫૪ જેટલા સભ્યો નોંધાયેલ છે. જેમાં સિન્થેટીક એથ્લેટીક ટ્રેકમાં ૧૧૮૮, સિન્થેટીક ટેનીસ કોર્ટમાં ૩૬, સિન્થેટીક બાસ્કેટબોલ કોર્ટમાં ૫૩, વિવિધ જીમમાં ૬૬૫, શ્રી સરદાર વલલ્ભભાઈ પટેલ સ્નાનાગાર, કોઠારીયા રોડમાં ૮૬૩, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર, કાલાવડ રોડમાં ૧૧૯૮, શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર, રેસકોર્ષમાં ૬૧૪, શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર, પેડક રોડમાં ૩૪૪ અને શ્રી જીજાબાઇ સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડમાં ૩૯૩ સભ્યોનો સમાવેશ થાય છે.

અવસાન નોંધ

સુરજકરાડી (મીઠાપુર): ઝાખરીયા દેવકુંવરબેન લક્ષ્મીદાસભાઈ (ઉ.વ.૯૫), તે સ્વ.લક્ષ્મીદાસ કાનજીભાઈ ઝાખરીયાના પત્ની, ધીરેન્દ્રભાઈના માતા, પ્રશાંતભાઈ (રાજકોટ નાગરિક સહકારી બેંક લી.) તથા જુલીબેનના દાદીમાનું તા.૧૧ ને બુધવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬, તેમના નિવાસ સ્થાન, ૧૬-વિશ્વકર્મા સોસાયટી, નવીનભાઈ ગાંધીના મકાનમાં, સુરજકરાડી (મીઠાપુર) રાખેલ છે.

ભૂદેવ કુટુંબ બિઝનેસ નેટવર્ક દ્વારા વેલકમ નવરાત્રી મહોત્સવના આયોજનને સફળતા

જીતુ મહેતા, જનાર્દન પંડ્યા, હરેશ જોષી, હિરેન રાવલ, હિરેન મહેતા સહિતના બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ભૂદેવ કુટુંબ બિઝનેસ નેટવર્ક બ્રહ્મ સંગઠન દ્વારા વેલકમ નવરાત્રી મહોત્સવ સફળ આયોજન કરાયું હતું. જે અંગે ડિમ્પલબેન મહેતા અને તારેશ ભટ્ટ ફાઉન્ડર ભૂદેવ કુટુંબ બિઝનેસ નેટવર્ક દ્વારા જણાવાયા મુજબ તા.૮ ના સાંજના વેલકમ નવરાત્રી નામથી બ્રહ્મસમાજ પરિવારજનો માટે રાસ ગરબાનું આયોજન કરેલ હતું. જેમાં ૨૦૦થી વધારે બ્રાહ્મણ પરિવારજનોએ ઉપસ્થિતિ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બી. કે. બી. એન. (ભૂદેવ કુટુંબ બિઝનેસ નેટવર્ક) એ બ્રાહ્મણોના ઉદ્યોગો વિવિધ પ્રકારના બિઝનેસને વધારી એકબીજાને સહયોગ આપી વધુને વધુ આર્થિક સધ્ધરતા હેતુથી લગભગ ૯ મહિના પહેલા શરૂ કરવામાં આવેલ એક ટીમ છે. આ

ઉન્નત વિચારધારાનો જામનગર નેટવર્કના સૌજન્યથી ડિમ્પલબેન મહેતા રાજકોટમાં પાયો નાખીને તેના ફાઉન્ડર તરીકે સતત તેમની ટીમ સાથે કાર્ય કરતા રહ્યા છે. આજે આ નેટવર્કમાં સમગ્ર ગુજરાતમાં સફળતાપૂર્વક ૮૦,૦૦૦ થી વધુ બ્રાહ્મણ બિઝનેસમેન એમની સાથે જોડાયેલા છે. વેલકમ નવરાત્રી રાસોત્સવમાં આમંત્રિત મહેમાનો જીતુભાઈ મહેતા, ભાજપા અને બ્રહ્મ અગ્રણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજના સમયમાં જ્યારે સમસ્ત બ્રહ્મ સમાજ એક બનીને રહ્યા છે, ત્યારે બીકેબીએન દ્વારા ઉઠાવાયેલું આ પગલું ખૂબ જ પ્રેરણાદાયક અને નોંધનીય છે, કેમ કે આર્થિક સફળતા અને રાજકીય પીઠબળ કોઈપણ સમાજની વધુને વધુ મજબૂત બનાવે છે. આ પ્રસંગે જનાર્દનભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે બ્રાહ્મણ શિક્ષા અને શિસ્તનું પ્રતીક છે આજના આ ઝડપી સમયમાં આપણી સંસ્કૃતિને જાળવવા સામાજિક વ્યવસ્થાને સુસંસ્કૃત બનાવવા અને આર્થિક વિકાસ માટે એકબીજાને સહયોગ કરી આગળ આવવા આવા મંચની જરૂર છે. જે કાર્ય બીકેબીએનએ કર્યું છે.આ પ્રસંગે વેલકમ નવરાત્રીમાં હરેશભાઈ જોશી કાર્યાલય મંત્રી ભાજપ, હિરેન જોશી ભાજપા યુવા અગ્રણી, હિરેન રાવલ શિક્ષણ સમિતિ સદસ્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા. બીકેબીએનના ટ્રસ્ટી વિપુલભાઈ, નિલેશભાઈ, મનીષભાઈ તથા હિરેનભાઈ મહેતાએ સહયોગ માટે સમર્થન આપેલ હતું હિરેનભાઈ મહેતાએ આ ફાઉન્ડેશનને વધુને વધુ બ્રાહ્મણો સુધી જોડાવા માટેનો સંદેશ આપેલ હતો. પરંતુ જ્યારે આ બી કે બી એન ના ફાઉન્ડર રાજકોટના કમિટી મેમ્બર ડિમ્પલબેન મહેતા તરેશભાઈ ભટ્ટ, વિપુલભાઈ દવે, હિરેન વરનવા, નિલય ઠાકર, મનીષભાઈ રાવલ તથા પ્રેસિડેન્ટ કિન્નરીબેન દવે પ્રીતિબેન ભટ્ટ કાર્યરત છે આ કાર્યક્રમના વિમોચન દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે વર્કર્સ કોન્ફરન્સમાં નેશનલ ફેડરેશન ઓફ ઇન્ડિયન રેલવે મેન્સ દ્વારા અવનીબેન ઓઝાની પસંદગી કરી પ્રતિનિધિત્વ માટે વેસ્ટ આફ્રિકા સેનેગલ ખાતે વિદેશ પ્રવાસમાં મોકલેલા હતા જે આપણા બ્રહ્મ સમાજ માટે ગૌરવની વાત છે તેઓનું સન્માન કરી આગળ પ્રગતિ કરે અને બ્રાહ્મણ સમાજનું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ કાર્યક્રમમાં ગ્રુપ એ માં ૧૪ વર્ષથી નાના બાળકો જેમાં પ્રિન્સ આર્યન પ્રિન્સેસ આરુષિ ઓઝા અને વેલ્ડ ડ્રેસમાં સાચી ઓઝા તથા ગ્રુપ ડી માં પ્રિન્સ જય ઓઝા પ્રિન્સેસ જ્યોતિ પંડિત નિયતા ત્રિવેદી, વેલ ડ્રેસમાં ખ્યાતિ દવે તથા ગ્રુપ સીમા ૪૦ વર્ષથી વધુ ઉંમરના ખેલૈયાઓ પ્રિન્સ હિતેશ ત્રિવેદી પ્રિન્સેસ હર્ષાબેન ઓઝા તથા ગાયત્રીબેન દવે નિર્ણાયકો દ્વારા પસંદગી પામ્યા હતા. આ નવરાત્રી મહોત્સવમાં નિર્ણાયક તરીકે અમીબેન ભટ્ટ પલ્લ વીબેન જોશી તથા રશ્મિબેન જાની કે જેઓ ગીતાંજલી કોલેજના ટ્રસ્ટ તથા સામાજિક કાર્યકર છે તેઓએ માનદ સેવા આપી હતી મહેશભાઈ મહેતાએ કાર્યક્રમનું સંચાલન કરેલ હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડિમ્પલબેન મહેતા રાજેશભાઈ ત્રિવેદી સતિષભાઈ જગદીશભાઈ ઠાકર પ્રજ્ઞાબેન મહેતા સ્તુતિ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવેલી હતી.

આ સાથે વ્યવસ્થામાં હિરેન મહેતા કે જેઓએ ઇનામ અને ઉપસ્થિત સમગ્ર પરિવારજનોને નાસ્તા માટેની વ્યવસ્થા કરેલ હતી તેમની સાથે બીપીનભાઈ વ્યાસ અવની ઓઝા ધર્મિષ્ઠ પૈસા જ્યોતિ પંડિત જ્યોતિ મહેતા ભારતીય મહેતા શૈલેષ ઓઝા ભટ્ટ ભાઈ વગેરે એક સહકાર આપેલો હતો. આમંત્રિત મહેમાનો તથા નિર્ણાયકોના હસ્તે ઇનામ વિતરણ કરાયેલ હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા

એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન

આફ્રિકા અને સાઉથ ઈસ્ટ એશિયાના ૩૦ જેટલા દેશોમાંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટ્સ આવવાની સંભાવના ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન વેપાર મેળો, ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી વિદેશી ડેલિગેટ્સ કરશે ફેક્ટરી વિઝિટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા આગામી તા.૧૧ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન એન.એસ.આઈ.સી ગ્રાઉન્ડ, ૮૦ ફૂટ નો રોડ, અમુલ સર્કલ ખાતે એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું ભવ્ય આયોજન સતત ૧૦ મી વખત થવા જઈ રહ્યું છે. આ વેપાર મેળામાં સ્થાનિક અને રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએથી લગભગ ૨૦ થી ૨૫ હજાર મુલાકાતીઓ મુલાકાત લેશે. ૩૦ કરતા વધુ દેશો માંથી ૨૦૦ કરતા વધુ બિઝનેસમેન પણ ભાગ લ્યે તેવી સંભાવના છે. પ્રદર્શનમાં પ્રવેશ વિનામુલ્યે રહેશે પરંતુ પ્રવેશ માટે બિઝનેસ કાર્ડ સાથે હોવું જરૂરી રહેશે. પ્રદર્શનનો સમય સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી નો રહેશે.

એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક માત્ર સફળ અને પરિણામ દાયક છે જેમાં આજ સુધીમાં ૬૦ જેટલા દેશોમાંથી ૧૦૦૦ કરતા વધુ ગ્રાહકો આવી ચુક્યા છે અને હજારો કરોડનો નિકાસ વેપાર પણ થયો છે.

એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં વિદેશના દેશો જેમકે ઘાના , સુદાન, બુર્કિનાફાસો, ટોગો, તાન્ઝાનિયા, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, યુગાન્ડા, કેન્યા, સેનેગલ, કોંગો, ગેબોન, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, શ્રીલંકા, સહીતના ૩૦ કરતા વધુ દેશો માંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટ્સ / બિઝનેસમેન મુલાકાત લેશે. તેઓ ૫ દિવસ રાજકોટ રોકાશે અને વિવિધ ફેક્ટરીઓની મુલાકાત પણ લેશે.

આ પ્રદર્શનમાં સ્થાનિક ૨૦૦ થી વધુ કંપનીઓ ભાગ લેશે અને વિદેશી કંપનીઓ સાથે પોતાના બિઝનેસ ગોઠવશે.

સંસ્થા દ્વારા નિકાસ વેપાર વૃદ્ધિના લાભ નાનામાં નાના

ઉદ્યોગોને મળે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ખુબજ ઓછા અથવા નજીવા ખર્ચે આંતરરાષ્ટ્રીય વેપાર વૃદ્ધિની તક એક માત્ર એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા દ્વારા મળી રહી છે .

સૌરાષ્ટ્ર કચ્છના ઉત્પાદકોને વિદેશ વ્યાપાર વિકસાવવાની ઘર આંગણે તક આ એક માત્ર વેપાર મેળા દ્વારા મળે છે, અનેક દેશોના બિઝનેસમેન ઘર આંગણે આવે, પ્રદર્શન ની મુલાકાત લ્યે, મિટિંગો કરે અને ફેક્ટરી વિઝીટ પણ કરે એટલે ગ્રાહક તરીકે તેની અંદર સંપૂર્ણ વિશ્વાસ ઉભો થાય છે.

બીજી તરફ વિચારીયે તો જો આપણા ઉદ્યોગો માર્કેટિંગ માટે જાય તો એક એક ઉદ્યોગને ૩૦ કે ૪૦ દેશોની મુલાકાત માટે આખું વર્ષ નીકળી જાય અને ખર્ચ પણ એકાદ કરોડ રૂપિયા કરતા વધી જાય તે દ્રષ્ટિ એ પણ એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક મહત્વ પૂર્ણ અને લાભદાયી પુરવાર થયેલ છે.

આ વર્ષે એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા માં ભાગ લેનાર એકમોને ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એમડીએ સબસીડીની સ્કીમ મુજબ લગભગ વિનામુલ્યે કહી શકાય તે રીતે સ્ટોલ આપવામાં આવશે. એકમોને ફક્ત સબસીડી મંજુર થાય ત્યાં સુધી સ્ટોલની રકમનું રોકાણ કરવાનું રહેશે.

દેશી મેળો અને વિદેશી વેપાર, સૌરાષ્ટ્ર કચ્છમાં હટાણું કરવા આવશે વિદેશી ગ્રાહકોનો સિદ્ધાંત ૧૦૦ ટકા યથાર્થ સાબિત થઇ રહ્યો છે.

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની સમગ્ર ટિમ સૌરાષ્ટ્ર કચ્છના ઉત્પાદકો, અને નિકાસકારોને આ એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભાગ લેવા અને મુલાકાત લેવા ભાવભર્યું જાહેર આમંત્રણ આપે છે.

શોને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પરાગ તેજૂરા, ઉપ પ્રમુખો મહેશ નગદીયા તથા પ્રભુદશભાઈ તન્ના, મંત્રી ભુપતભાઇ છાટબાર, ટ્રસ્ટી પદુભાઇ રાયચુરા, રાજુભાઈ સંઘવી તથા સુરેશ તન્ના જહેમત ઉઠાવી રહ્યા છે.

સંસ્થા દ્વારા પ્રતિષ્ઠિત વ્યાપારીઓ અને ઉદ્યોગકારોની કમિટીની રચના કરવામાં આવી જેમાં ચેરમેન તરીકે વિશાલ ગોહેલ તથા સભ્યો તરીકે કેતન વેકરીયા, મૌક્તિક ત્રિવેદી, મયુર ખોખર, અક્ષય માંજરાવાળા, ધનપત માલુ, દીવેન પડિયા, નિશ્ચલ સંઘવી, જીગ્નેશ સોઢા, મહેશ સીતાપરા, અંકુર સૂચક, દિનેશભાઇ વસાણી, હેમાંગ સોલંકી, અંકુર દવે, રાજેન્દ્ર સિંહ અને દીપલ જાજલ નિમણૂંક કરવામાં આવેલ છે જેઓ વેપાર મેળાની સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

સમસ્ત સોની સેના-રાજકોટ આયોજીત વેલકમ નવરાત્રી-૨૦૨૩

સમસ્ત સોની સમાજ માટે ઓપન ગુજરાત રાસ-ગરબા તથા આરતી-ગરબા-દાંડીયા ડેકોરેશન સ્પર્ધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સમસ્ત સોની સેના-રાજકોટ આયોજીત વેલકમ નવરાત્રી-૨૦૨૩ નું તા.૧૪-૧૦ શનિવાર, સાંજે ૬ થી ૧૧ કલાક સુધી સ્થળ સુરભી ગ્રાઉન્ડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, ફનવર્લ્ડની બાજુમાં આયોજન કરાયું છે.

જણાવ્યું છે કે, સમસ્ત સોની સેના-રાજકોટ દ્વારા આયોજીત સમસ્ત સોની સમાજ ઓપન ગુજરાત રાસ-ગરબા નું સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી માં 'માં ની શકિતના ગુણગાન તો ગવાય જ અને તેમાં આપણા સમસ્ત જ્ઞાતીજનો, બાળકો-બાળાઓ તેમજ ભાઈઓ-બહેનો મ્યુઝીક ના સંગાથે તાલીઓના તાલે અને ઝાંઝરના ઝણકારે પ્રાચીન -અર્વાચીન રાસ-ગરબા ની રમઝટ સાથે માં ની પ્રસન્નતાને લાખ-લાખ ફુલડે વધાવતો આવો અવસર કેમ ચુકાય.

પ્રિન્સ, પ્રિન્સેસ, વેલડ્રેસ બાળકો-બાળાઓ તેમજ ભાઇઓ-બહેનો બન્ને ગ્રુપમાંથી કરવામાં આવશે અને તેને લાખેણા ઇનામોથી નવાજમાં આવશે. તેમજ ગરબા-આરતી-દાંડીયા ડેકોરેશન સ્પર્ધામાં જે બહેનોએ ભાગ લીધો હશે. તેમને ઇનામ આપવામાં આવશે. તો આવો આપ સર્વેનાં હૂંફાળા સહકારથી સમસ્ત સોની સેના ના આયોજક કેતનભાઈ પાટડીયા, ગૌરવભાઈ રાધનપરા, રવિકાન્તભાઈ વાગડીયા, રવિભાઈ પાલા, દેવાંશભાઇ પટ્ટણી, શૈલેષભાઈ પાટડીયા, વિવેકભાઈ બારભાયા, સુનીલભાઈ બારભાયા, વિજયભાઈ પાટડીયા, પ્રદીપભાઈ પારેખ, મનીષભાઈ પાટડીયા, સંજયભાઈ આડેસરા, સંજયભાઈ માંડલીયા, અમીતભાઈ પાટડીયા, અશ્વિનભાઈ રાણપરા, સંજયભાઈ રાજપરા, વૈર્યભાઈ પારેખ, મેહુલભાઈ ભગત, યશભાઇ અખેણીયા, મયુરભાઇ પાલા, ધનંજય હુંજ દ્વારા આયોજીત આ રાસ-ગરબા તેમજ સ્પર્ધા માં સર્વે સોની જ્ઞાતિજનો હોશે-હોશે જોડાયે તેમજ સમસ્ત સોની સમાજને અમારૂ ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

પાસ મેળવાનું સ્થળ

ગણેશ જવેલર્સ : રામ ઔર શ્યામ ગોલા પાસે, પેલેસ રોડ, રાજકોટ, છે. ૯૮૨૫૫ ૯૭૬૮૮૬

ક્રિષ્ના પ્રિન્ટર્સ : સાંકડી શેરી, સોની બજાર, રાજકોટ છે. ૯૩૭૫૯ ૭૭૬૩૧

ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચનું રાજકોટિયન્સ માટે ૪ જુદા જુદા સ્થળેથી લાઈવ પ્રસારણ

મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગર પાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા તેમજ સમાજ કલ્યાણ વિભાગના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા સહિતના પદાધિકારીઓ એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, આગામી તા.૧૪/૧૦ શનિવારના રોજ યોજાયેલ ભારત - પાકિસ્તાન ક્રિકેટ મેચને લઈને તમામ ભારતીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે રાજકોટિયન્સ પણ આ મેચનું લાઈવ પ્રસારણ મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન મારફત સરળતાથી નિહાળીને માણી શકે તેવા શુભ આશયથી કુલ ૪(ચાર) જાહેર સ્થળોથી શહેરીજનો માટે લાઈવ પ્રસારણ કરવામાં આવશે, જેમાં (૧) કિશાનપરા ચોક, (૨) પેડક રોડ, પાણીના ઘોડા પાસે, (૩) સોરઠીયાવાડી સર્કલ, તેમજ (૪) મવડી ચોકડી ખાતે બહોળી સંખ્યામાં લોકોને આ મેચનું લાઈવ પ્રસારણ માણવા અનુરોધ કરેલ છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૧/૧૦ ના રોજ સિલ્વર હિલ્સ એપાર્ટમેન્ટ, કેરલા પાર્ક, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૫ થી ૨૦ રહેવાસીઓ જોડાયેલ હતા.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે સીસ્ટમ અને સાધનો તથા ફાયર તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણી અંતર્ગત રાજકોટ ખાતે "સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત" થીમ પર આધારિત "કિશોરી મેળો યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

''આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ''ની ઉજવણીના ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગની ''બેટી બચાવો, બેટી પઢાઓ'' યોજના અંતર્ગત યોજાયેલા આ કિશોરી મેળામાં આઈ.સી.ડી.એસ. ખાતે પૂર્ણા યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજના, કિશોરીઓના આરોગ્ય તથા કિશોરીઓ અને બાળકોને લગતી વિવિધ યોજનાઓ, મફત કાનૂની સહાય, ઈન્ટરનેશનલ મિલેટ અંતર્ગત વિવિધ ધાનનું મહત્વ તથા મહિલાઓને લગતી તમામ યોજનાઓ અંગેની માહિતી સંબધિત વિભાગના અધિકારીઓઓએ વિસ્તૃતમાં આપી હતી.

આ ઉપરાંત સ્વ-બચાવની તાલીમ અંગે કિશોરીઓને મંચ પર સ્વ-બચાવના સ્ટેપ્સ શીખવવામાં આવ્યા હતા.

કિશોરી મેળામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, સરકારી બેંક અને પોસ્ટ ઓફીસ, શ્રમ અને રોજગાર વિભાગ, ગૃહ વિભાગ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ સહિતના વિભાગોની વિવિધ યોજનાના સ્ટોલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગે એચ.બી.કેમ્પનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી અને લોધિકાની કિશોરીઓએ પણ ભાગ લીધો હતો.જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખશ્રીઓ આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી, મહિલા અને બાળ વિકાસ અધિકારી અવનિબેન દવે સહિતના વિભાગના પદાધિકારીશ્રીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં કિશોરીઓએ ઉપસ્થિત રહી હતી.

જસદણ નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અર્પણ વિધી સાથે સન્માન સમારોહ યોજાયો

૧૦ ડોકટરો સહિત ૮૦ લોકોને સન્માનિત કરાયા

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

જસદણ શહેરમાં કોરોના કાળથી નિઃસ્વાર્થ ભાવે પ્રસંશનીય સેવાકાર્ય કરતી બિન રાજકીય સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના આયોજન હેઠળ જસદણ સરકારી હોસ્પિટલમાં દર્દીઓના હિત માટે દાતાઓના અવિરત સહયોગના મીઠાફળ સ્વરૂપે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડવામાં અણધારી સફળતાઓ પ્રાપ્ત થતા રામાણી જનરલ સર્જીકલ હોસ્પિટલના ડો. દીપક રામાણીના પ્રમુખ સ્થાને અને વંદનીય સંત શ્રી ભક્તિજીવનદાસ સ્વામી તેમજ શ્રીનાથજી હવેલીના મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશીની પ્રેરક ઉપસ્થિતિમાં રવિવારે સેવા - સહયોગ સન્માન સમારોહનુ જસદણ સરકારી હોસ્પિટલના મુખ્ય પટાંગણમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમા બેબી વોર્મર મશીન, વોટર કુલર, સિમેન્ટના બેસવા માટેના બાંકડાઓની અર્પણ વિધી સાથે ટ્રસ્ટના નિઃસ્વાર્થ સેવાકાર્યોમાં અવિરત સહયોગ આપનાર મુખ્ય ૧૨ દાતાઓ, ૧૦ ડોકટરો,૧૩ સહયોગીઓ અને વિવિધ વિભાગોના ૪૫ સ્ટાફ કર્મચારીઓ સહિત ૮૦ લોકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.મજસદણ સરકારી હોસ્પિટલમાં ટ્રસ્ટ દ્વારા વિઠ્ઠલભાઈ સિધ્ધપરા શેઠ તરફથી બાળ દર્દીઓની સારવાર માટે એન.બી.એસ.યુ. વિભાગને બેબી વોર્મર મશીનનો સહયોગ તેમજ મહાવીરસિંહજી રાવતભાપુ વાળા તરફથી વોટરકુલરનો સહયોગ તેમજ ભરતભાઈ મનુભાઈ જેબલીયા તરફથી બેસવા માટે સિમેન્ટના બાંકડા નંગ ૯ (૩ બાંકડા સરકારી હોસ્પિટલ અને ૬ બાંકડા વિવેકાનદ મોક્ષધામ) ની જસદણ સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશકુમાર સિન્હા અને મેડીકલ ઓફિસર ડો. રાકેશ મૈત્રીને શોક્ષોક્ત વિધીથી અર્પણ કર્યા બાદ સેવા-સન્માનનો ભવ્ય કાર્યક્રમમાં ટ્રસ્ટના નિઃસ્વાર્થ સેવાકાર્યોમાં અવિરત સહયોગ આપનાર મુખ્ય દાતાઓ દિનેશભાઈ વેકરીયા, ભરતભાઈ જેબલીયા, ઈમરાનભાઈ ખિમાણી, કેતનભાઈ સંઘવી માનસીબેન રાઠોડ તેમજ મુખ્ય મહેમાન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ, માર્કેટીંગ યાર્ડના ડિરેક્ટર ભરતભાઈ છાયાણી, સ્નેહાબેન શાહ, કુલદીપભાઈ પટગીર, રાહુલભાઈ પોકીયા, ચંદ્રકાંતભાઈ બાબરીયા, હસુભાઈ ગાંધી, મિલનભાઈ મણીયાર, ભરતભાઈ ધારૈયા, સંજયભાઈ પોપટ, કમલેશભાઈ ચોલેરા, હિતેશભાઈ તન્ના, ભરતભાઈ ભાડલીયા, રમેશભાઈ ગોલ્ડન ચા સહિતના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સરકારી હોસ્પિટલના મુખ્ય પટાંગણમાં રવિવારના રોજ યોજાયો હતો જેમા ટ્રસ્ટના સેવાકાર્યોને વેગવંતુ બનાવવામાં યશભાગી થનાર સૌનુ સન્માનિત કાર્ય પૂર્ણ કરી સમુહ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ મેહુલભાઈ સંઘવીએ સ્વાગત પ્રવચન કરતા ટ્રસ્ટના નિઃસ્વાર્થ સેવાકાર્યમાં સામે ચાલીને અવિરત સહયોગ આપનાર તમામ પરોપકારી દાતાઓ, ડોકટરો, અને સહયોગીઓને ટ્રસ્ટના સેવાકાર્યોમાં અકલ્પનિય સફળતાઓમાં યશભાગી થવા બદલ આભાર માન્યો હતો.

કાર્યક્રમના પ્રમુખ સ્થાને ડો.દીપક રામાણીએ પ્રાસંગીક પ્રવચનમાં ટ્રસ્ટના પ્રસંશનીય સેવાકાર્યોને બિરદાવતા જણાવ્યું હતું કે ૨૪ વર્ષ પહેલા મે સરકારી હોસ્પિટલથી તબીબી ક્ષેત્રે કારકિર્દી શરૂ કરી હતી મને મારી કર્મભૂમિમાં દર્દીઓને મદદરૂપ થવાનો અમૂલ્ય અવસર મળ્યો છે ત્યારે ટ્રસ્ટના સેવાકાર્યોમાં હંમેશા સહયોગ આપવા માટે તત્પરતા દાખવી હતી. વંદનીય સંત ભક્તિજીવનદાસ સ્વામી અને શ્રીનાથજી હવેલીના મુખ્યાજીએ ટ્રસ્ટ દ્વારા પ્રજવલિત સેવાયજ્ઞની જ્યોત હંમેશા ઝળહળતી રહે એવા આશિર્વચન આપ્યા હતા. દાતા મહાવીરસિંહજી વાળા અને વિઠ્ઠલભાઈ સિધ્ધપરાએ પ્રાસંગિક પ્રવચનમાં ટ્રસ્ટના નિઃસ્વાર્થ સેવાકાર્યોને બિરદાવી સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી. સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશકુમાર સિન્હા અને મેડીકલ ઓફિસર ડો. રાકેશ મૈત્રીએ સરકારી હોસ્પિટલમાં દર્દીઓને મળતી સુવિધાઓ અને સરકારની વિવિધ યોજનાઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. લંપી વાઈરસના પ્રકોપ દરમિયાન ગાયમાતા સહિત અનેક અબોલજીવોને બચાવવા માટેના સેવાકાર્યમાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત કરવા બદલ નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ સંઘવીને સમસ્ત મહાજન રાજકોટના જીવદયાપ્રેમીઓ કેતનભાઈ સંઘવી, સ્નેહાબેન શાહ, માનસીબેન રાઠોડ દ્વારા એવોર્ડ અર્પી સન્માનિત કર્યા હતા.

જસદણ પંથકના લોકપ્રિય સાહિત્યકાર પવુભાઈ ગઢવીએ હાસ્યરસ સાથે સંસ્કારની વાતોનું રસપાન કરાવી કાર્યક્રમને આનંદમય બનાવ્યો હતો. કાર્યક્રમના આયોજનમાં હરિઓમ મંડપ એન્ડ ઈવેન્ટ, જય ખોડિયાર કેટરર્સ, સોમનાથ લાઈટ ડેકોરેશન, મહાદેવ મંડપ સર્વિસ, શ્રી શક્તિ મંડપ સર્વિસ, ગાયત્રી સાઉન્ડ સર્વિસ, અને આસ્થા સ્કૂલ સામે ચાલીને વિનામૂલ્યે મહત્વનો સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન ડો. સંજયભાઈ સખીયા અને પ્રકાશભાઈ પ્રજાપતિએ સફળતાપૂર્વક કર્યુ હતુ. આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના કન્વીનર દિનેશભાઈ વેકરીયા, મંત્રી અશોકભાઈ ઠકરાળ, ભાવેશભાઈ વાલજીભાઈ છાયાણી, વલ્લભભાઈ જીંજુવાડીયા, ચંદ્રેશભાઈ જયસ્વાલ, રશ્મિનભાઈ શેઠ, હર્ષાબેન ચાવડા, પુનમબેન ઠકરાળ, ડિમ્પલબેન સંઘવી, ખુશાલભાઈ રામાણી, કૃપાલ હિરપરા, વિવેક જયસ્વાલ, મિતેશ ભાડલીયા, જીજ્ઞેશ બાબરીયા, નિશીત સંઘવી સહિતના સદસ્યો જહેમત ઊઠાવી હતી.

જિલ્લા નારી સુરક્ષા સમિતિના મંત્રી પ્રફુલાબેન ચૌહાણનો આજે જન્મદિવસ

જિલ્લા નારી સુરક્ષા સમિતિ રાજકોટના મંત્રી, રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી પ્રફુલાબેન ચૌહાણનો આજે જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે જિલ્લા નારી સુરક્ષા સમિતિ રાજકોટ, શહેર મહિલા કોંગ્રેસના આગેવાનો દ્વારા તેમના મોબાઈલ ૯૯૦૪૯ ૩૮૩૮૧ પર હેમાબેન કક્કડ, દીમ્પિબેન સોલંકી, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, પાટડીયા સરલાબેન, પારૂલબેન સિધ્ધપુરા, પુનમબેન રાજપુત, પદ્માબા ચૌહાણ, જસુબા વાંક સહિતના મહિલા આગેવાનોએ સવારથી શુભેચ્છા પાઠવી હતી.

વિદ્યાર્થીઓમાં હાર્ટએટેકનું પ્રમાણ વધતા જિલ્લા શિક્ષણાધિકારીની આચાર્યોને તાકીદ

શાળાઓમાં હાર્ડવર્ક, રનિંગ, કસરત ઓછા કરાવવા સૂચના

રાજકોટ.તા.૧૨

વિદ્યાર્થીઓમાં છેલ્લા ઘા સમયથી હાર્ટએટેકનું પ્રમાણ વધી ગયું છે અને નાની ઉંમરના બાળકો હૃદયરોગના હુમલાના શિકાર થઈ રહ્યા હોય રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી એકશનમાં આવી છે અને શાળાઓમાં કરાવવામાં આવતું હાર્ડવર્ક, રનિંગ તેમજ કસરત કરાવવાનું પ્રમાણ ઘટાડવા માટે શાળાના આચાર્યોને મૌખિક સુચના આપવામાં આવી છે. આ અંગે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલાએ જણાવ્યું હતું કે તાજેતરમાં રાજકોટ જિલ્લાની શાળાના આચાર્યોની એક બેઠક યોજવામાં આવી હતી અને તેમાં હાલમાં જે ગંભીર વિષય છે અને જેની વાલીઓમાં તેમજ અન્યને ચિંતા છે તેવા હૃદયરોગના હુમલા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી અને છાત્રો ઉપર માનસિક તેમજ શારીરિક અસર ન પડે તે માટેના આયોજન અંગે પણવાતચીત કરી કેટલી મૌખિક સૂચના આપવામાં આવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કેટલીક પ્રવૃતિ કરાવવામાં આવતી હોય છે હાર્ડવર્ક જેવા કે શાળાના ગ્રાઉન્ડમાં પાણીનોછંટકાવ કરાતો હોય છે અને પાણીનો ડોલો ઉપાડવી પડતી હોય ત્યારે છાત્રો પાસે પાણીની ડોલ નહીં ઉપાડવા તેમજ રનિંગ કરાવવામાં આવતું હોય છે તેના રાઉન્ડ ઘટાડવા, મહેનત વાળું કામ



નહીં કરાવવા, વધારે તાપમાં કામ નહીં કરાવવા ઉપરાંત શાળામાં કસરત કરાવવામાં આવતી હોય છે તેના સમયમાં પણ ઘટાડો કરવા સૂચના આપી છે. વધુમાં ડીઈઓએ કહ્યું હતું કે, નવરાત્રી નજીક આવી રહી છે અને શાળાઓ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે તેના માટે શાળાઓ દ્વારા બાળકોને પ્રેક્ટિસ કરાવવામાં આવતી હોય તે પ્રેક્ટિસના સમય અને રાઉન્ડમાં પણ ઘટાડો કરવા માટે આચાર્યોને સૂચના આપી છે અને જરૂર જણાય તો સરકારના માર્ગદર્શન હેઠળ પત્ર કરીને પણ લેખીત સૂચના આપવામા આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે તાજેતરમાં છેલ્લા ૬ મહિનામાં રાજકોટ જિલ્લામાં પણ વિદ્યાર્થીઓમાં એટેકનું પ્રમાણ વધી ગયું છે ગઈકાલે જ જેતપુરમા એક ધો.૧૧ની છાત્રાનું મોત થયું હતું. જામનગરમાં પણ ૧૩ વર્ષના વિદ્યાર્થીનું મોત થયું હતું રાજ્યમાં હાર્ટ એટેકના વધતા જતા કેસ તેમજ નવરાત્રી પર્વ દરમિયાન ઊભી કરવામાં આવનાર આરોગ્ય સેવાની વ્યવસ્થાઓ અંગે આજે એક ખાસ સમીક્ષા બેઠક આરોગ્ય મંત્રીએ કરી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષ સ્થાને આરોગ્ય વિભાગના અધિકારીઓને તબીબો સાથે યોજાયેલી આ બેઠકમાં પાણીજન્ય રોગચાળો વાહક જન્ય રોગચારો તેમજ બિનચેપી રોગોની સ્થિતિ અંગે વિશેષ સમીક્ષા કરી હતી. આ ઉપરાંત વાહક જન્ય રોગચારાથી થયેલા મોત તેમજ હાર્ટ એટેક થી થયેલા મોતની બનેલી ઘટનાઓ અંગે વિગતવાર સમીક્ષા કરી હતી. રાજ્યમાં આરોગ્ય શિક્ષણ તેમજ આરોગ્ય વિષયક જનજાગૃતિ અભિયાન શરૂ કરવા માટે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું .ણાવ્યું હતું.

યુવા વર્ગમાં હાર્ટએટેકના બનાવો વધવા લાગતા વાલીઓની સાથે સરકાર પણ ચિંતામાં મુકાઈ ગઈ છે. જેમાં ખાસ કરીને જીમમાં કસરત કરતી વખતે અને રાસ ગરબાની પ્રેક્ટીસ વખતે હુમલાઓ આવતા અનેક યુવાનોએ પોતાના જીવ ગુમાવતા રાજ્ય સરકારે આ મુદ્દાની ગંભીરતાથી લઈ નવરાત્રી દરમિયાન નવ દિવસ તમામ પ્રાચીન ગરબીઓમાં રાસ રમતા યુવાનો અને બાળાઓને ઈમરજન્સી સમયે તાત્કાલીક સ્થળ ઉપર આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે તમામ મહાનગરપાલિકાઓના આરોગ્ય વિભાગને સુચના આપવામાં આવી છે. જેના કારણે મહાનગરપાલિકાએ પણ પ્રાચીન ગરબીઓમાં મેડીકલ ટીમ માટેની તૈયારીઓ શરૂ કરી છે. ડો. વકાણીના જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાં અનેક સ્થળે પ્રાચીન ગરબીઓનું આયોજન કરવામા આવ્યું છે. જેની વિગત મહાનગરપાલિકા પાસે હાલમાં ન હોવાથી પ્રાચીન ગરબીઓના આયોજકો પાસેથી સ્થળ સહિતની વિગતો માંગવામાં આવી છે. અને આ વિગતના આધારે પ્રાચીન ગરબીઓમાં મેડીકલ સ્ટાફની નિયુક્તિ કરવામા આવશે. ડો. વકાણીએ વધુમાં જણાવેલ કે રાજ્ય સરકારની સુચના બાદ મનપાના આરોગ્ય વિભાગે તમામ પ્રકારની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રવિવારથી નવરાત્રીનો પ્રારંભ

રાજકોટ તા.૧૨

આ વર્ષે રવિવારથી નવરાત્રીનો પ્રારંભ થતો હોવાથી નવદુર્ગા માતાજી હાથી ઉપર સવાર થઈને પધારશે. આસો શુદ એકમને રવિવાર તા.૧૫/૧૦/૨૩ના દિવસથી નવરાત્રીનો પ્રારંભ થશે. આ વર્ષે નવદુર્ગા માતાજી હાથી ઉપર સવાર થઈને પધારતા હોવાથી આ વર્ષ સુખ સમૃદ્ધી અને પ્રગતી વાળુ રહે તથા માતાજીના આશીર્વાદ પુર્ણ રૂપે મળે. આ વર્ષ નોરતામાં કોઈ તિથિની વધઘટ ન હોવાથી નવરાત્રી શુભ રહેશે.

પહેલુ નોરતુ

રવિવાર તા.૧૫/૧૦/૨૩ નવરાત્રીની શરૂઆત ઘટ્ટ સ્થાપના તથા ગરબાની સ્થાપનામાં શૈલી પુત્રીની પૂજા

બીજું નોરતું

સોમવાર તા.૧૬/૧૦/૨૩ મા બ્રહ્મચારીણીની પુજા

ત્રીજું નોરતું

મંગવાર તા.૧૭/૧૦/૨૩ મા ચન્દ્રઘંટાની પૂજા

ચોથું નોરતું

બુધવાર તા.૧૮/૧૦/૨૩ અમૃત સિદ્ધી યોગ રાત્રે ૮:૨૧ સુધી માતાજીની ઉપાસના માટે શ્રેષ્ઠ મા કુષ્માંડાની પૂજા

પાંચમું નોરતું

ગુરુવાર તા.૧૯/૧૦/૨૩ મા લલીતા પંચમી મા સ્કન્દ માતાની પૂજા

છઠ્ઠુ નોરતું

શુક્રવાર તા.૨૦/૧૦/૨૩ માતા સરસ્વતી સ્થાપના રવિયોગ, કુમાર યોગ રાત્રે ૮:૪૧ શુદ્ધી ઉત્તમ મા કાત્પયની પૂજા

સાતમુ નોરતું

શનિવાર તા.૨૧/૧૦/૨૩ દુર્ગાસપ્તમી માતા સરસ્વતી પૂજન મા કાલરાત્રી પૂજા

આઠમું નોરતું

રવિવાર તા.૨૨/૧૦/૨૩ હવનઅષ્ટમી, મહાઅષ્ટમી, દુર્ગાષ્ટમી હવન માટેનો દિવસ મા સરસ્વતી વિસર્જન મા મહાગેરીપૂજા

નવમું નોરતું

સોમવાર તા.૨૩/૧૦/૨૩ નવરાત્રી પૂરા માતા સિદ્ધીદાત્રીની પૂજા દશેરા મંગળવારે તા.૨૪/૧૦/૨૩ વિજયાદશમી વણજોયુ મૂહુર્ત આ દિવસે દરેક શુભ કાર્યો કરવા ઉત્તમ છે. વિજય મુહૂર્ત બપોરે ૨:૨૭થી ૩:૧૩ નવરાત્રી દરમિયાન કુળદેવીના જપ કરવા પાઠ કરવા પૂજા કરવી, નવદુર્ગા માતાજીના જપ, પૂજા, ઉપાસના કરવી ઉત્તમ ગણાય છે આમા કોઈપણ જાતના કર થતા નથી. નવરાત્રી મા ગરબો સ્થાપનાના શુભ મુહૂર્ત આ વર્ષે માતાજી હાથી ઉપર સવાર થઈને પધારશે આસો શુદ એકમને રવિવાર તા.૧૫/૧૦/૨૩ના દિવસે નવરાત્રીનો પ્રારંભ થશે નવરાત્રીના પહેલા નોરતે ઘટ્ટ સ્થાપના.

ગરબો સ્થાપનાના શુભ મુહૂર્તોની યાદી

ચોઘડિયા પ્રમાણે શુભ મુહૂર્તની યાદી દિવસના શુભ ચોઘડિયા સવારે ૧૦:૨૨ સુધી વૈધૃતી યોગ અશુભ છે તેથી ત્યારબાદ લાભ ૧૦:૨૨થી ૧૧:૦૫ અમૃત ૧૧:૦૫થી ૧૨:૩૩ શુભ ૧:૫૯થી ૩:૨૭ રાત્રીના શુભ ચોઘડિયા શુભ ૬:૨૧થી ૭:૫૪ અમૃત ૭:૫૪થી ૯:૨૭ બપોરે અભિજીત મુહૂર્ત ૧૨:૧૧થી ૧૨:૫૮ રાત્રે પ્રદોષકાળનું શુભ મુહૂર્ત ૬:૨૧થી ૮:૪૮

લેખન-શાસ્ત્રી રાજદીપ જોષી
વેદાંતરત્ન

પડધરીના ખામટામાં અજાણી યુવતીની સળગાવેલી લાશ મળી

અન્ય સ્થળે હત્યા કરી લાશ અહીં સળગાવ્યાની શંકા

રાજકોટ.તા.૧૨

પડધરીના ખામટા ગામની સીમમાંથી યુવતીની સળગાવેલી લાશ મળી આવતા ચકચાર મચી ગઇ હતી. સ્થળ પરથી પોલીસને ખોપરી અને હાથના હાડકાં સહિતના અવશેષો મળ્યા હતા. અન્ય સ્થળે હત્યા કરી લાશ સીમમાં સળગાવાયાની શંકા સેવાઇ રહી છે. પોલીસે મૃતક યુવતી અને હત્યારાઓની ભાળ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા હતા. ખામટા ગામની સીમમાં આવેલી નાનાલ વિરમગામાની ખુલ્લી જગ્યામાં સળગેલી લાશ પડી હોવાની જાણ થતાં પડધરી પોલીસ અને એલસીબીના પીઆઇ ઓડેદરા સહિતની ટીમ દોડી ગઇ હતી. પોલીસે તપાસ કરતાં સ્થળ પરથી ખોપરી, હાથના હાડકાં અને કેટલાક કંકાલ મળ્યા હતા. પોલીસે તમામ અવશેષો એકઠા કરી પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ખોપરી સહિતના અવશેષો મળ્યા તેના પરથી મૃતક અંદાજે ૧૭થી ૩૦ વર્ષની વયની યુવતી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, યુવતીની કોઇ અન્ય સ્થળે હત્યા કરી હત્યારાઓએ લાશ ખામટાની સીમમાં સળગાવ્યાની દૃઢ શંકા સેવાઇ રહી છે. પોલીસે મૃતક યુવતીની ઓળખ મેળવવા માટે પડધરી પંથકમાં લાપતા બનેલી યુવતીઓની યાદી મેળવી હતી અને તેના પર તપાસ કેન્દ્રિત કરી હતી યુવતીની ઓળખ મળ્યા બાદ જ હત્યારા અને હત્યાનું કારણ સ્પષ્ટ થશે તેવું તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઈમ કોર્નર

યુવકનું વીજકરંટથી મોત

શહેરના ઉપલાકાંઠા વિસ્તારની ભગીરથ સોસાયટીમાં વીજકરંટ લાગવાથી યુવકનું મોત નીપજ્યું હતું. યુવકની એક મહિના પૂર્વે જ સગાઇ થઇ હતી. સંત કબીર રોડ પરની ભગીરથ સોસાયટીમાં રહેતો અને ઘર નજીક જ ઈમિટેશનનું કામ કરતો ચિરાગ દિનેશભાઇ દેગામા (ઉ.વ.૧૯) ઈમિટેશનનું કામ કરતો હતો ત્યારે મશીનમાંથી કરંટ લાગતા બેભાન થઇ ગયો હતો. તેને તાકીદે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં બી. ડિવિઝન પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ચિરાગ બે ભાઇમાં મોટો હતો અને એક મહિના પૂર્વે જ તેની હેબચડા ગામની યુવતી સાથે સગાઇ થઇ હતી. સગાઇ બાદ જે પુત્રના લગ્નના સ્વપન પરિવારજનો નિહાળતા હતા તે જ પુત્રના મરશિયા શરૂ થતાં ગમગીની છવાઇ ગઇ હતી. અન્ય એક બનાવમાં જંક્શન પ્લોટ વિસ્તારમાં સિંધી કોલોનીમાં રહેતા મીરાબેન ચંદુલાલ ગીધવાણી (ઉ.વ.૪૯) પોતાના ઘરે સેટી પર સુતા હતા ત્યારે અચાનક જ સેટી પરથી પડી જતાં માથામાં ઇજા થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું.

ચોરી કરનાર નાયડુ ગેંગ પકડાઇ

રાજકોટ જિલ્લાના મેટોડા જીઆઇડીસીમાં છ દિવસ પૂર્વે થયેલી સવા બે લાખની ચોરીના બનાવનો ભેદ ઉકેલી આંતર રાજ્ય નાયડુ ગેંગને પોલીસે પકડી પાડી છે. કાલાવડ રોડ પર આવેલા મેટોડા વિસ્તારમાં ગત તા.૫ની બપોરે અજાણ્યા શખ્સો બોલેરો મેક્સી ટ્રકની કેબિનમાંથી રૂ.૨,૨૫,૭૦૦ની રોકડ ચોરી ગયાની ભોગ બનનારે મંગળવારે મેટોડા જીઆઇડીસી પોલીસ મથકમાં જાણ કરી હતી. જેને પગલે પીએસઆઇ કે.એ.ગોહિલ સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી હતી. કેમેરામાં કેદ થયેલા વર્ણનવાળા ત્રણ શખ્સ વાગુદડથી મેટોડા જીઆઇડીસી તરફ જવાના રોડ પર હોવાની પોલીસને માહિતી મળી હતી. જેથી ત્રણેયને સકંજામાં લીધા હતા. પૂછપરછ કરતા ત્રણ પૈકી બે મહારાષ્ટ્રના નંદુરબારના રાજન ઉર્ફે રાજા સૂરજ તોતીનાયકર, સૂરજ સુબ્રમણી તોતીનાયકર હોવાનું, જ્યારે ત્રીજો તામિલનાડુના ત્રિશલાફર્લીનો મુતુકુમાર ઉર્ફે અજિત વેંકટેશન તોતીનાયકર હોવાનું જણાવ્યું હતું. પોલીસની આગવી ઢબની પૂછપરછમાં ત્રિપુટીએ સવા બે લાખની ચોરી કબુલી હતી.

યુવાનને ધમકી દઇ છરીના છરકા માર્યા

શહેરના પારેવડી ચોક પાસે ખોડિયારપરા-૩માં રહેતા જગદીશભાઇ શામજીભાઇ મકવાણા નામના યુવાન સાથે ભગવતીપરામાં રહેતા દીપક ઉર્ફે કુચો નાથ પારધીએ ઝઘડો કરી ધમકી આપી છરીથી શરીર પર છરકા માર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. યુવાનની ફરિયાદ મુજબ, તેના ઘરની બાજુમાં મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા સસરા બચુભાઇ ભનુભાઇ ખીમસુરિયાએ મંગળવારે રાતે પોતાને ફોન કરી દીપક ઉર્ફે કુચો ઘર પાસે છરી લઇને આંટા ફેરા કરી ગાળો બોલતો હોવાની વાત કરી હતી. જેથી પોતે પત્ની સાથે સસરાને ઘરે જતા દીપક ઉર્ફે કુચો સસરાને ગાળો ભાંડતો હતો. દીપકને ગાળો દેવાની ના પાડતા તે ઉશ્કેરાય જઇ હવે તો તારી સાથે જ ડખો કરવો છે, તને જાનથી મારી નાખવો છે કહી છરીથી હુમલો કરી શરીર પર છરકા મારી નાસી ગયો હતો. બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી દીપક ઉર્ફે કુચાની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

છાતીમાં દુખાવો થતાં સારવાર દરમિયાન મોતને ભેંટ્યા

રાજકોટના ગોકુલધામ આવાસ ક્વાર્ટરમાં રહેતા ભાવેશભાઈ રતિલાલ સેજપાલ (ઉ.વ.૫૨) સવારે ૪ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે છાતીમાં દુઃખાવો થતા પોતાના ભત્રીજાને ફોન કરી જાણ કરી હતી. ભત્રીજાએ ૧૦૮ને જાણ કરતા ભાવેશભાઈને દોશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેમને ટૂંકી સારવારમાં દમ તોડી દીધો હતો. મૃતક બાંધકામ સાઇટ પર સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા. ૪ ભાઈ ૧ બહેનમાં સૌથી નાના અને અપરણિત હતા. તેમના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી. પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે જેનો રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ જાણી શકાશે.

ઘરેબેઠા ફિનાઈલ ગટગટાવી

રાજકોટના પોપટપરા નજીક સોસાયટીમાં રહેતા રૂકસાનાબેન (ઉ.વ.૨૪)એ આજે સવારે ૮.૩૦ વાગ્યે પોતાના ઘરે ફીનાઇનલ પી લીધું હતું. તેઓને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવારમાં રહેલા રૂકસાનાબેને જણાવ્યું કે, તેના પતિ આસીફ સીંગર છે, કાર્યક્રમોમાં ગીત ગાય છે, ત્રણ વર્ષ પહેલા તેમના લગ્ન થયા હતા. લગ્નજીવનથી તેમને જુડવા સંતાન એક દીકરો અને એક દીકરી છે. દરમ્યાન થોડા દિવસ પહેલા પત્નીને શંકા ગઇ હતી કે, તેનો પતિ મોરબીની કોઇ આવ્યા હતા.જેથી રૂકસાનાએ કોઇપણ રીતે પતિનું વોટ્સએપ ચેક કરી લેતા તેમાં તે યુવતિની ચેટીંગ જોઇ જતા આ બાબતે પતિ આસીફને પૂછતા બન્ને વચ્ચે ઝઘડો થયો હતો જેના કારણે ફીનાઇલ પીધું હતું.

અજાણ્યા યુવકે ફોસલાવી યુવતીને ઘરેથી ભગાડી

રાજકોટના રૈયા રોડ પર વૈશાલીનગરમાં રહેતા નેપાળી મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના જેઠ-જેઠાણી અવસાન પામ્યા હોય જેથી તેમની ૧૪ વર્ષની દીકરી તેમની સાથે રહેતી હતી. ગઈ તા.૮.૧૦.૨૦૨૩ના રોજ તેમની ભત્રીજી રાત્રીના ઘરેથી લાપતા થઇ ગઇ હતી. બાદમાં તેને ફોન કરતા તેણે ફોન પર જણાવ્યું હતું કે, તે પાડોશમાં રહેતા સમીપ સાથે છે અને અમે લગ્ન કરી લેવાના છીએ. સમીપે ફોનમાં કહ્યું હતું કે, રાજકોટમાં તેનું કોઇ નથી તેમ કહી ફોન બંધ કરી દીધો હતો. બાદમાં આ શખસ વિશે તપાસ કરતા તેનું નામ સમીપ ટામટા હોવાનું અને તે મૂળ નેપાળનો વતની હોય તેના પિતા કોટેચા ચોક પાસે રહેતા હોય તેના ઘરે જઇ તપાસ કરતા તેમણે કહ્યું હતું કે, અમારે તેની સાથે કોઇ સંબંધ નથી. આટલું જ નહીં આ સમિપના અગાઉ બે વાર લગ્ન થઇ ગયા હોવાનું પણ માલુમ પડ્યું હતું. જેથી આ અંગે ફરિયાદીએ આ ફરિયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ત્રાકુડા ગામે જુગાર રમતા ચાર પકડાયા

ગોંડલના ત્રાકુડા ગામે જૂગાર રમતા ચાર શખ્સને પોલીસે દરોડો પાડી ઝડપી લીધા છે. ગોંડલના ત્રાકુડા ગામે જુગાર રમાતો હોવાની બાતમી મળતા તાલુકા પોલીસે રેઇડ કરી જાહેરમાં જુગાર રમતા ઉતમ રમેશભાઇ રાઠોડ, બેચર માવજીભાઇ સાગઠીયા, ઇબ્રાહીમ ખમીશાભાઇ દોઢીયા તથા કૈલાશગીરી પ્રભાતગીરી ગોસાઇને રોકડા રૂા. ૧૦૫૬૦ તથા ગંજીપતા સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ધંધો કરવા પતિએ ૫૦,૦૦૦ માગી પરિણીતાને ત્રાસ આપ્યો

ધંધો કરવા પતિએ ૫૦,૦૦૦ માંગી અને અન્યની ચડામણીથી ત્રાસ આપ્યો હોવાની ફરિયાદ જૂનાગઢની પરિણીતાએ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી વિગત અનુસાર હાલ જૂનાગઢમાં મધુરમ વિસ્તારમાં કૈલાશધામ-બેમાં પિયર સાથે રહેતા સોનલબેન મારુના લગ્ન વર્ષ ૨૦૧૫માં ઉપલેટાના અતુલભાઈ વલ્લભભાઈ બખતરીયા સાથે થયેલ. પરંતુ લગ્નના પ્રથમ દિવસથી સાસુ અને પતિએ કરિયાવર બાબતે દુઃખ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

લેબર કોન્ટ્રાક્ટની ભાગીદારીમાં રોકાણ કરવાનું કહી રૂ. ૧૯.૩૪ લાખની ઠગાઇ

રાજકોટના પેટ્રોલપંપ સંચાલકની માતા-પુત્ર સામે છેતરપિંડીની ફરિયાદ

રાજકોટ.તા.૧૨

ન્યૂ કેદારનાથ સોસાયટી-૯માં રહેતા અને બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં પેટ્રોલપંપ ધરાવતા ભરતભાઇ લાભુભાઇ લાવડિયા ફરિયાદ મુજબ, ૨૦૧૫માં પેટ્રોલપંપ શરૂ કર્યો ત્યારે પેટ્રોલપંપ ઉપર લેબર કોન્ટ્રાક્ટનું કામ રાખતા વિક્રમ બાલાસરા સાથે પરિચય થયો હતો. દરમિયાન ૨૦૧૯માં વિક્રમને અમદાવાદમાં બે પેટ્રોલપંપ પર મોટો લેબર કોન્ટ્રાક્ટ મળ્યો હોવાનું કહ્યું હતું અને આ કોન્ટ્રાક્ટમાં રોકાણ કરવા રૂપિયાની જરૂરિયાત હોય સારો નફો મળશે જો તમે મારી કાવ્યા એન્ટરપ્રાઇઝ નામની પેઢીમાં ભાગીદાર થઇ જાવ તો. જેથી ભાગીદારી પેઢીનું લખાણ કરી આપવાનું કહેતા તેને બાંહેધરી આપી હતી.

વિક્રમની બાંહેધરી બાદ બે લાખ રોકડા આપ્યા હતા. ત્યાર બાદ કાવ્યા એન્ટરપ્રાઇઝ પેઢી કે જે વિક્રમની માતાના નામે છે તે પેઢીના બેંક એકાઉન્ટમાં રૂ.૫.૧૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં કોરોનાનો સમય આવી જતા લેબર કોન્ટ્રાક્ટ મોડો શરૂ થયો હતો. જેથી વિક્રમને ફરી નાણાંની જરૂરિયાત ઊભી થતા રૂ.૬.૯૪ લાખ પેઢીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. આટલા રૂપિયા આપ્યા બાદ વધુ રૂપિયાની જરૂરિયાત ઊભી થતા વિક્રમે તેની બેંક ક્રેડિટ સારી ન હોય મારી કાર પર લોન તમારા નામે કરાવી આપવાનું કહ્યું હતું. જેથી વિક્રમના કહ્યાં મુજબ રૂ.૫.૩૦ લાખની લોન કરાવી આપી હતી. ત્યાર બાદ લોન ભરપાઇ નહિ કરતા તેમજ તેની પેઢી બ્લેકલિસ્ટ થઇ જતા પરત રૂપિયા માગ્યા હતા. અવારનવાર કહેવા છતાં કુલ રૂ.૧૯.૩૪ લાખની રકમ પરત નહિ કરતા ફરિયાદ નોંધાવી છે.

તારા લીધે મારા ભાઇની સગાઇ તૂટી, તું એને મૂકી દે જે નહિતર મારી નાંખીશ

૧૦ દી'પૂર્વે યુવતીને આપઘાતની ફરજ પાડનાર પ્રેમી અને તેના ભાઇ સામે ફરિયાદ

રાજકોટ:તા.૧૨

શહેરમાં દસ દિવસ પહેલાં યુવતીના આપઘાતના બનાવમાં ચોંકાવનારી વિગતો બહાર આવતા પોલીસે યુવતીને આપઘાત કરવા મજબૂર કરનાર પ્રેમી અને તેના ભાઇ સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. સંત કબીર રોડ, ભગીરથ સોસાયટી-૮માં રહેતા સિદ્ધરાજસિંહ ભગવાનજીભાઇ સોલંકી નામના પ્રૌઢે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને સંતાનમાં ત્રણ દીકરી છે. બે દીકરી પરિણીત છે. જ્યારે સૌથી નાની ૨૧ વર્ષની ધારાબા છે. ગત તા.૨૯ની બપોરે નાનાભાઇની પત્નીએ પત્નીને વાત કરતા કહ્યું કે, બપોરે તમારા ઘરમાં કોઇ ઝઘડતા હોવાનો અવાજ આવતો હતો. ત્યાં જઇ દરવાજો ખટખટાવતા ખોલ્યો ન હતો. થોડી વાર બાદ ઘરમાંથી એક શખ્સ બહાર નીકળતો જોવા મળ્યો હતો. પુત્રી તે શખ્સની પાછળ શેરીમાં ગઇ હતી. તે શખ્સ બાઇક લઇને જતો રહ્યો હતો. પત્નીની વાત સાંભળ્યા બાદ ઘરે આવી દીકરી ધારાબા પાસે ગયો હતો. ત્યારે પુત્રીના ગાલે આંખ નીચે મૂઢ ઇજા થઇ હોવાનું જોવા મળ્યું હતું. જે ઇજા અંગે તેમજ ઘરમાંથી બહાર નીકળેલો શખ્સો કોણ હતું તે અંગે પૂછતા તેનો કોઇ જવાબ આપ્યો નહિ અને હું ઓળખતી નહિ હોવાનું કહ્યું હતું. ગત તા.૨૯ની બપોરે ઘરે એકલી દીકરી ધારાબા પોતાના મોબાઇલનો ઉપયોગ કરતી હોય ભત્રીજીએ મોબાઇલ ચેક કર્યો હતો. તપાસમાં ઇન્સ્ટાગ્રામમાં સંદીપ પઢિયાર નામના છોકરાનો ફોટો હતો તે ફોટામાં હેપ્પી બર્થ ડે મારી જાન તેવી પોસ્ટ મૂકેલી જોવા મળી હતી. જેથી ફરી ધારાબાને સંદીપ અંગે પૂછતા તેને કોઇ જવાબ આપ્યો ન હતો. દરમિયાન ગત તા.૧ના રોજ પત્નીએ ફોન કરી ધારાબાની તબિયત બગડ્યાની અને બેભાન થઇ ગઇ હોવાની જાણ કરતા પોતે ઘરે દોડી ગયા હતા. ધારાબા ભાનમાં હતી ત્યારે પત્નીએ પૂછપરછ કરતા હતી. ત્યારે ઘરે સંદીપનો મોટો ભાઇ મહેશ ઉર્ફે મનીષ આવ્યો હતો અને ઝઘડો કરી તારા લીધે અગાઉ મારા ભાઇ સંદીપની સગાઇ તૂટી ગઇ છે, હવે તેની ફરીથી બીજે સગાઇ થવાની છે, જેથી તું મારા ભાઇને મૂકી દે નહિતર હું. તને જાનથી મારી નાંખીશની ધમકી આપી આડેધડ તમાચા ઝીંકી દીધા હતા. ત્યાર બાદ જતા જતા કહ્યું કે, ફોનમાં જે ફોટો, વીડિયો છે તે હું વાઇરલ કરી સમાજમાં તને બદનામ કરી નાંખીશની ધમકી આપી જતો રહ્યો હતો. આ ધમકીથી ગભરાઇને મેં ઝેરી દવા પી લીધાનું પુત્રી ધારાબાએ જણાવ્યું હતું.

રાજકોટ સિટીએ રાજકોટ રેન્જને ૧૪-૦થી હરાવ્યું

રાજકોટ.તા.૧૨

રાજકોટના રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી એસ્ટોટર્ફ ગ્રાઉન્ડ પર રમાઇ રહેલી ગુજરાત પોલીસના ડીજીપી કપ હોકી ચેમ્પિયનશિપના બીજા દિવસે આઠ મેચ રમાયા હતા. મહિલાના મેચમાં રાજકોટ રેન્જ અને ભાવનગર રેન્જ વચ્ચે કાંટે કી ટક્કર થઇ હતી. મેચ સમયમાં બંને ટીમ એક બીજાને પરાજિત કરી ફાઇનલમાં પ્રવેશ મેળવવા જોરદાર રમત રમી હતી. અંતે મેચના પૂરા સમયે એક પણ ગોલ નહિ નોંધાતા પરિણામ લાવવા પેનલ્ટી શૂટઆઉટ આપવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ રેન્જની ટીમે ૨-૧થી જીત મેળવી હતી. ગુરુવારે રાજકોટ સિટી અને રાજકોટ રેન્જ વચ્ચે ફાઇનલ મેચ રમાશે. જ્યારે પુરૂષ વિભાગમાં રાજકોટ સિટીની ટીમે રાજકોટ રેન્જને ૧૪-૦થી કચડ્યું હતું. જેમાં ભગીરથસિંહ ખેરે ૫, ડી.વી. બાલાસરા, પુષ્પરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ રાણા, રવિ વાસદેવાણીએ

૨-૨ અને જયદીપસિંહે ૧ ગોલ ફટકાર્યો હતો. અન્ય મેચમાં સુરત સિટીએ ૪-૧થી અમદાવાદ સિટીને, વડોદરા રેન્જે ૯-૦થી રાજકોટ રેન્જને, વડોદરા સિટીએ ૧-૦થી અમદાવાદ રેન્જને, ભાવનગર રેન્જે ૯-૦થી અમદાવાદ સિટીને, વડોદરા રેન્જે ૨-૦થી એસઆરપીને અને સુરત સિટીએ ૧-૦થી અમદાવાદ રેન્જને લીગના બીજા રાઉન્ડમાં પરાજિત કર્યું છે. ટૂર્નામેન્ટમાં નોડલ ઓફિસર એસીબી વી.એમ. રબારી સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

ગુરૂવારે રમાનાર મેચ

ટૂર્નામેન્ટના ત્રીજા લીગ રાઉન્ડ મેચ ગુરૂવાર સવારે સાડા છ વાગ્યાથી શરૂ થશે. પ્રથમ રાજકોટ સિટી-વડોદરા રેન્જ, ભાવનગર રેન્જ-અમદાવાદ રેન્જ, એસઆરપી-રાજકોટ રેન્જ, વડોદરા સિટી-સુરત સિટી, અમદાવાદ રેન્જ-અમદાવાદ સિટી, ભાવનગર રેન્જ-સુરત સિટી અને વડોદરા સિટી-અમદાવાદ સિટી વચ્ચે મેચ રમાશે. આજે વુમનમાં રાજકોટ સિટી- રાજકોટ રેન્જ વચ્ચે ફાઇનલ મેચ

ગોંડલના મેતાખંભાળિયા ગામના સરપંચ સામે એટ્રોસિટીની ફરિયાદ

મેતાખંભાળિયા ગામના સરપચં સામે એટ્રોસિટી એકટની ફરિયાદ નોંધાવવામાં આવી છે. કડિયાકામ કરતા દલિત યુવાને સરકાર તરફથી મળતા સહાયના પ્લોટ બાબતે પુછતા સરપંચે ગાળો આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહ્યા હતાં.આ અંગે પોલીસે યુવાનની ફરિયાદ પરથી સરપચં સામે એટ્રોસિટી એકટની કલમ હેઠળ ગુનો નોંધી જરી કાર્યવાહી કરી હતી. મેતાખંભાળિયા ગામે રહેતા અને કડિયાકામ કરનાર ભરત દિનેશભાઇ રાઠોડ(ઉ.વ ૨૮) દ્વારા સુલતાનપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મેતાખંભાળિયા ગામના સરપચં વસતં છગનભાઇ ગોધાણીનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગામમાં સરકાર તરફથી મળતા ૧૦૦ વારના પ્લોટની સહાય લેવા માંગતા હોય જેથી તેમણે આ સરપંચને પ્લોટ સહાયની એકાદ માસ પૂર્વે વાત કરી હતી.

ખોટી એફિડેવિટ કરવાનું બંધ કરો, રેગિંગ મુદ્દે સરકારને ઝાટકતી ગુજરાત હાઇકોર્ટ

અમદાવાદ તા.૧૨

ગુજરાત હાઈકોર્ટમાં રેગિંગની ઘટનાઓની અરજી મામલે સુનાવણી ચાલી હતી. જેમાં સરકારે એક એફિડેવિટ કરીને કહ્યું હતું કે છેલ્લા ૩ વર્ષમાં એકપણ રેગિંગની ઘટના બની નથી. આ સોગંદનામા પર હાઈકોર્ટે આકરી પ્રતિક્રિયા આપી હતી. મહત્વનું છે કે કોલેજો અથવા યુનિવર્સિટીઓમાં રેગિંગની ઘટનાઓના મુદ્દે ગુજરાત હાઈકોર્ટનું વલણ ઘણું જ સંવેદનશીલ રહ્યું છે. રેગિંગની ઘટનાઓને લઈ હાઈકોર્ટે પોતે જ આ મામલે સુઓમોટો લીધી હતી. આ મામલે ચાલી રહેલી સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. હકીકતે સરકારને રેગિંગની ઘટનાઓના ડેટા વિશે પૂછતા સરકારે એક સોગંદનામું જાહેર કર્યું હતું અને જણાવ્યું હતું કે છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતમાં એક પણ રેગિંગની ઘટના બની નથી. રાજ્ય સરકારના આ જવાબ પર હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી હતી. વડી અદાલતે કહ્યું હતું કે સરકારે ખોટી એફિડેવિટો કરવાનું બંધ કરી દેવું જોઈએ અને તપાસ કરી નિયમોનું પાલન કરાવવાની દિશામાં વિચારવું જોઈએ. હાઈકોર્ટે રેગિંગની ઘટનાઓના મુદ્દે સુઓમોટો લીધી હતી. જેની સુનાવણીમાં વડી અદાલતે સરકારના સોગંદનામા પર ઉધડો લીધો હતો અને આ મુદ્દે આગામી મુદ્દત પર વિગતવાર જવાબ રજૂ કરવાનો ગુજરાત સરકારને આદેશ પણ કર્યો હતો. હાઈકોર્ટે આ મામલે એક વિશેષ ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે UGCના રેગિંગ માટેના નિયમો તમામ યુનિવર્સિટીને લાગુ પડે છે. રેગિંગની ઘટનાઓ પર સરકારના એફિડેવિટથી હાઈકોર્ટઆકરા પાણીએ હતી. રાજ્ય સરકારને ઝાટકતા હાઈકોર્ટે કહ્યું હતું કે અનેક રેગિંગની ઘટનાઓ સામે આવી છે અને છતાં તમે સરકાર થઈને આવો ખુલાસો આપી રહ્યા છો.

બજારોમાં ચુંદડી, દાંડીયા, ફુલહારની ડિમાન્ડ વધી

તસવીરઃદિલીપ ગોહેલ

રાજકોટ,તા.૧૨ : આગામી રવિવારથી નવલા નોરતાનો પ્રારંભ થનાર છે. આદ્ય શકિતમાઁ જગદંબાની આરાધના માટે માઈ ભકતો અને ગરબી આયોજકોમાં નવરાત્રી રાસોત્સવ માટે ઉમંગ છવાયો છે. તો બીજી તરફ નવરાત્રીમાં માતાજીનાં શણગાર માટે ચુંદડીની ડિમાન્ડ વધી છે. બજારોમાં ચુંદડી, ફુલહાર, સાથે દાંડીયાનું વેંચાણ થઈ રહ્યું છે. ગરબા સમયે સંગીત માટે ખંજરી વાગતી હોય ખંજરી ખરીદવા માટે પણ બજારોમાં ભીડ જોવા મળી રહી છે. નાના-મોટી બાળાઓ યુવા વર્ગ રાસ રમવા માટે દાંડીયાની પણ ખરીદી શરૂ કરી છે. બજારોમાં ચુંદડી, ફુલહાર, દાંડીયા, ખંજરીનું ઠેર-ઠેર સ્થળોએ વેંચાણ થતા ખરીદી માટે ભીડ જોવા મળી રહી છે. નવરાત્રીના આગમન પહેલા જ વેપારીઓ ચુંદડી, ફુલહાર, દાંડીયા અને ખંજરીનો સ્ટોક કર્યો હોય હાલના દિવસોમાં ડિમાન્ડ વધતા બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે માતાજીના શણગાર માટે નાની-મોટી ચુંદડી ખરીદવા બજારોમાં પડાપડી જોવા મળી રહી છે.

શાકભાજીના ભાવ તળીયે ધસી ગયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ફરી ઉંચકાયા

તમામ શાકભાજીમાં સૌથી સસ્તા ટમેટા

રાજકોટ, તા.૧૨ :

શાકભાજીના ભાવ તળીયે ધસી ગયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ફરી ઉંચકાયા છે. પરંતુ એક માત્ર ટમેટાના ભાવ નીચા જ છે. રસપ્રદ બાબત એ છે કે અત્યારે તમામ શાકભાજીમાં સૌથી સસ્તા ભાવ ટમેટાના છે.

રાજકોટ યાર્ડના શાકભાજી વિભાગમાં હરરાજીમાં ટમેટાનો ભાવ ૨૦ કિલોના ૧૦૦ થી ૨૨૦ના હતા. ૧૨૧૭ ક્વીંટલની આવક હતી. સામાન્ય રીતે રીંગણા, કોબીજ, મૂળા, દૂધી જેવા શાકભાજીના ભાવ સૌથી સસ્તા હોય છે. પૂરજોશમાં આવક વખતે પર્યાપ્ત વેચાણ ન થતા કે ભાવ ન મળવાના સંજોગોમાં ફેંકી દેવામાં આવતા હતા.

આ શાકભાજીના ભાવ અત્યારે ઉંચા છે અને ટમેટા કરતાં ડબલ કે તેથી વધુ છે. રીંગણામાં તો ધરખમ ભાવ છે. માર્કેટયાર્ડના સૂત્રોએ કહ્યું કે છેલ્લા દિવસોમાં અત્યાધિકતાપને કારણે વાવેતર બળી ગયા હોવાને કારણે એકાદ પખવાડિયાથી ભાવ ઉંચકાય છે. આવકોમાં મોટો કાપ છે. રીંગણાના ભાવ લીંબુ, કોથમરીની હરોળમાં છે. બાકી કોબીજ ૧૮૦ થી ૨૭૦, ફલાવર ૪૦૦ થી ૮૦૦, દુધી ૨૮૦ થી ૫૨૦, કારેલા ૩૦૦ થી ૭૦૦માં માપસર છે. ગયા મહિનામાં પ્રારંભે તમામ શાકભાજી સસ્તા થઈ ગયા હતા

તેમાં છેલ્લા પખવાડિયાથી ભાવ વધારો છે અને એક માત્ર ટમેટા સસ્તા છે. લોકલ ઉપરાંત બહારના સેન્ટરોની ચિક્કાર આવકોને કારણે ભાવો નીચા જ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાંક મહિના પૂર્વે ટમેટાના ઉંચા ભાવથી દેશભરમાં ઉહાપોહ થયો હતો.

રીટેઈલમાં કિલોના ૩૦૦ થયા હતા. જ્યારે હોલસેલમાં ૨૫૦૦ થી ૩૦૦૦ સુધી બોલાયા હતા. સરકારે સબસીડી જાહેર કરીને એજન્સી મારફત વેચાણ કરાવવું પડ્યું હતું. હવે તેમાં કોઈ હાથ પકડનાર નથી. કેટલાંક સેન્ટરોમાં તો માલ ફેંકી દેવાતો હોવાના પણ કિસ્સા છે.

રાજકોટમાં રાજસ્થાની યુવાનને ઝમ પાર્ટનરે ઢોર માર માર્યોઃ મોત

બનાવ હત્યાનો છે કે અન્ય કોઈ કારણે મોત થયું તે પી.એમ.નો પ્રાથમીક રીપોર્ટ આવ્યા બાદ નકકી થશેઃ બી. ડીવીઝન પોલીસે મૃતકના મિત્રને સકંજામાં લીધો

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં હત્યા, હત્યાના પ્રયાસ, દુષ્કર્મ જેવી બાબતો સામાન્ય બનતી જાય છે. તાજેતરમાં જ ભકિતનગર રેલ્વે સ્ટેશનના યાર્ડ નજીકથી આઠ વર્ષની ફુલ જેવી બાળકી સાથે ગેંગ રેપ કરી માથાના ભાગે પથ્થરના ઘા ઝીંકી હત્યા કરવાનો બનાવ સામે આવતા હાહાકાર મચી ગયો હતો. ત્યારે શહેરના કુવાડવા રોડ પર આવેલ રણછોડનગરમાં મજાક મજાકમાં ઝમ પાર્ટનરે ઢીકાપાટુનો માર મારી ગળુ દબાવી દેતા રાજસ્થાની યુવકનું મોત નિપજતા પોલીસે દોડતી થઈ હતી. બનાવ હત્યાનો છે કે અન્ય કોઈ કારણે મોત થયું તે નકકી કરતા મૃતદેહને ફોરેન્સીક પી.એમ.માં ખસેડાયો હતો.

બનાવ અંગેની પ્રાપ્ત વિગત મુજબ મુળ રાજસ્થાનના અને હાલ શહેરના કુવાડવા રોડ પર આવેલ રણછોડનગર શેરી નં.૬માં ઝમ ભાડે રાખી રહેતા હરવીરસિંહ રામબ્રિજ પરમાર (ઉ.૨૦) ગઈકાલે રાતે ૧૧ વાગ્યાની આસપાસ ઝમ પર હતો ત્યારે તેના ઝમ પાર્ટનર દોલતરામનો મોબાઈલ ફોન મજાકમાં અન્ય જગ્યાએ સંતાડી દઈ મીત્રે મજાક મસ્તી કરતો હતો. તેમની સાથે અન્ય ઝમ પાર્ટનર અને મીત્રો વિવેક, અશ્વીન, શિશુપાલસિંહ ત્યાં હાજર હતો.

બાદમાં હરવીરસિંહ તેના અન્ય મીત્ર વિવેક, અશ્વીન, શીશુપાલસિંહ સાથે બહાર જતા હતા ત્યારે સીડી નીચે ઉતરતી વખતે પાછળથી દોડી આવેલા દોલતરામે હરવીરસિંહને

બેફામ ઢીકાપાટુનો માર મારી ગળુ દબાવી દીધુ હતું. દરમિયાન ત્યાં હાજર તેના મિત્રોએ તેને છોડાવ્યા બાદ યુવક બેભાન થઈ ઢળી પડયો હતો. હરવીરસિંહને બેભાન હાલતમાં પ્રથમ ખાનગી હોસ્પીટલમાં અને બાદમાં સિવિલ હોસ્પીટલે સારવારમાં ખસેડાયો હતો. અત્રે ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે જાણ કરતા બી.ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ સીવીલે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી યુવકનું મોત માર મારવાથી થયું છે કે અન્ય કોઈ કારણથી તે જાણવા મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે ખસેડાયું હતું.

વધુમાં મૃતકના મિત્રોએ જણાવ્યા અનુસાર, હરવીરસિંગ રાજસ્થાનથી આઠ મહિના પહેલા રાજકોટ આવેલ અને રણછોડનગરમાં આવેલ પિતાંબર કુરીયરમાં કામ કરતો હતો. તેના પિતા ખેતીકામ કરે છે અને તે ત્રણ ભાઈમાં નાનો હતો. બનાવ અંગે મૃતક યુવકના પરિવારને જાણ કરાઈ હતી. રણછોડનગરમાં રાજસ્થાની યુવકને તેના ઝમ પાર્ટનરે દોલતરામે બેફામ ઢીકાપાટુનો માર મારી ગળુ દબાવી દેતા બેભાન થયેલા યુવકને તેના અન્ય મીત્ર અને આરોપી પોતે એકટીવામાં બેસાડી પ્રથમ ગોકુલ હોસ્પીટલ અને બાદમાં સીવીલ હોસ્પીટલે સારવારમાં લઈ ગયા હતા જયાં તેનું મોત નિપજતા સીવીલ ચોકીના એએસઆઈ ઝાલા અને કોન્સ્ટેબલ કાઠીએ આરોપીને પકડી બી ડીવીઝન પોલીસને હવાલે કરી દીધો હતો.મૃતક હરવીરસિંહ કુરીયર કંપનીમાં કામ કરે છે જયારે આરોપી દોલતરામ રણછોડનગરમાં ઓમ લોજીસ્ટીક નામનું ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. ગઈકાલે બન્ને તેમના અન્ય ઝમ પાર્ટનરો સાથે બહાર જમવા ગયા હતા. જયાં તેઓ ઝમે પરત ફર્યા બાદ મૃતક હરવીરસિંગ મસ્તીમાં ચડી આરોપીનો મોબાઈલ સંતાડી દેતા ઉશ્કેરાયેલા દોલતરામે હુમલો કરતા યુવકનું મોત નિપજયું હતું.

૧૦ લાખની વસતી દીઠ ૧૦૦ મેડીકલ બેઠકો રાખવા નેશનલ મેડીકલ પંચનો નવો નિયમ

ગુજરાતમાં ૭૦૫૦ મેડીકલ બેઠકો છે જ; નવા નિયમથી વધુ સીટ નહીં મળી શકવાની સ્થિતિ

અમદાવાદ તા.૧૨ :

નેશનલ મેડીકલ કમીશનના અંડરગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન બોર્ડ દ્વારા ન્યુનતમ સ્ટાન્ડર્ડ જરૂરિયાતમાં દરેક રાજયમાં ૧૦૦૦૦ની વસતી દીઠ એક બેઠક ફાળવવાની માર્ગદર્શિકા જારી કરી છે. આ માપદંડના આધારે ગુજરાતને હવે એકપણ નવી મેડીકલ કોલેજ ન મળે તેવી પરીસ્થિતિનું નિર્માણ થયું છે. આ નિયમથી ગુજરાતને સૌથી મોટો ફટકો પડે તેમ છે. ગુજરાતમાં બોટાદ, ખંભાળીયા તથા વેરાવળમાં બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ મેડીકલ કમીશનના નોટીફીકેશનથી ભાવિ અદ્ધરતાલ થઈ જવાની શંકા છે.

ગુજરાતમાં ઓકટોબર ૨૦૨૩ની સ્થિતિએ ૭૦૫૦ અંડર ગ્રેજયુએટ મેડીકલ સીટ ઉપલબ્ધ છે. સરકારી અને ખાનગી ક્ષેત્રની ૩૯ મેડીકલ કોલેજોમાં ૬૮૫૦ તથા રાજકોટ એઈમ્સ અને વાઘોડીયાની સુમનદીપ વિદ્યાપીઠમાં ૧૦૦ ટકા રાષ્ટ્રીય કવોટા ધરાવતી ૨૦૦ બેઠકો છે. નેશનલ મેડીકલ કમીશનને મેડીકલ કોલેજોમાં વધુ પડતી સંખ્યા સામે લાલબતી ધરવામાં આવી હતી અને તેને ધ્યાને રાખીને વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ મળે તથા શિક્ષણની શ્રેષ્ઠ ગુણવતા આપી શકાય તેવા હેતુ સાથે મેડીકલ સીટની સંખ્યા પર મર્યાદા નકકી કરવામાં

આવી છે. કમીશનની માર્ગરેખા પ્રમાણે ૧૦ લાખની વસતી દીઠ ૧૦૦ મેડીકલ સીટ ઉપલબ્ધ થશે.

કમીશનના સ્ટેટમેન્ટ પ્રમાણે આ નિર્ણયથી મેડીકલ પ્રોફેશનમાં પ્રાદેશિક ડિસ્પેરીટી ઘટાડવામાં મદદ મળશે ઉપરાંત તબીબી શિક્ષણની ગુણવતા જાળવી શકાશે. ગુજરાતમાં મેડીકલ અભ્યાસ સાથે સંકળાયેલા એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે રાજયની સાત કરોડની વસતી ગણવામાં આવે તો નવા નિયમ પ્રમાણે ગુજરાતનો કવોટા ખત્મ થઈ જાય છે. છેલ્લા વર્ષોમાં રાજયમાં નવી ચાર મેડીકલ કોલેજ સ્થપાઈ છે અને તેમાં ૬૦૦ બેઠકો ઉમેરાઈ છે. નવા નિયમથી વધુ બેઠક કે નવી મેડીકલ કોલેજની શકયતા ધુંધળી બની જાય છે. સાત કરોડની વસતીની ગણતરીએ ૭૦૦૦ મેડીકલ સીટનો કવોટા નકકી થઈ શકે છે.

સૂત્રોએ જો કે એમ કહ્યું કે મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક તથા રાજસ્થાન જેવા રાજયોની સરખામણીએ ગુજરાતમાં મેડીકલ બેઠકો ઓછી છે. આ જ કારણોસર રાજય સરકારે દરેક જીલ્લામાં એક-એક મેડીકલ કોલેજ સ્થાપવાનો નિર્ણય લીધો હતો. નેશનલ મેડીકલ કોલેજના નવા નિયમથી ગુજરાતના મેડીકલ પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને અન્ય રાજયોમાં જવુ પડે તેવી સ્થિતિ સર્જાશે. દાહોદ તથા કચ્છમાં સરકારે મેડીકલ કોલેજ-હોસ્પીટલ માટે ખાનગીક્ષેત્ર સાથે કરાર કર્યો હતો. બોટાદ, ખંભાળીયા તથા વેરાવળની ત્રણ નવી કોલેજો માટે ૧૧ અરજદારો સાથે વાટાઘાટો કરવામાં આવી રહી છે તેવા સમયે નવો નિયમ કેવી અસર કરશે તે વિશે તબીબી ક્ષેત્રમાં અનેકવિધ ચર્ચા છે.

૧૦૦૦ ઇવીએમની ચકાસણી પૂર્ણ, ૫૦ ખરાબ નીકળતા અલગ રાખી દેવાયા

લોકસભાની તૈયારી, સીઇઓની ટીમ ૨જી નવેમ્બરે રાજકોટમાં

રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ચૂંટણી કામગીરીની કરશે સમીક્ષા

રાજકોટ.તા.૧૨

કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ આગામી ૨૭મી ઓકટોબરથી મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલુ થઈ રહ્યો છે ત્યારે લોકસભાની ચૂંટણીની તૈયારીની કામગીરીની સમીક્ષા કરવા આગામી તા.૨જી નવેમ્બરે ગુજરાતના ચીફ ઈલેકશન ઓફિસર પી.ભારથીની ટીમ રાજકોટ આવી રહી છે અને તેઓ ૩ જિલ્લાના ચૂંટણી અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરશે.

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્રના સૂત્રોએ જણાવ્યા અનુસાર લોકસભાની ચૂંટણીની કામગીરી હાલ જોરશોરથી ચાલી રહી છે. રાજકોટ જિલ્લામાં ૮ દિવસમાં ૧૦૦૦ ઈવીએમ એટલે કે કુલ ૩૦૦૦ જેટલા બેલેટ યુનિટ, કન્ટ્રોલ યુનિટ અને વીવીપેટની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે અને તેમાંથી ૫૦ ઈવીએમ ખરાબ નીકળતા તેને અલગ રાખી દેવામાં આવ્યા છે.

હવે જ્યારે મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલુ થઈ રહ્યો હોય રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ચૂંટણીલક્ષી તૈયારીની સમીક્ષા કરવા ગાંધીનગરથી સીઈઓની ટીમ આવી રહી છે. જે મતદાન મથકોની સંખ્યા, મતદાન મથકોની તૈયારી, સ્ટાફની જરૂરિયાત, સ્ટાફની સ્થિતિ સહિતના અલગ-અલગ મુદ્દાઓ પર તંત્રે કરેલી કામગીરીની સમીક્ષા કરશે. આ બેઠકમાં ત્રણેય જિલ્લાના કલેકટર, અધિક કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

તા.૧૮ થી ૨૦ ઓક્ટોબર ત્રણ દિવસ ચૂંટણી પંચના ડેપ્યુટી સેક્રેટરી સૌરાષ્ટ્રના પ્રવાસે કેન્દ્રીય ચૂંટણી પંચના ડેપ્યુટી સેક્રેટરી આગામી તા.૧૮થી ૨૦ એમ ત્રણ દિવસના સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે અને તેઓ ઈવીએમની ફર્સ્ટ લેવલ ચકાસણીની જે કામગીરી ચાલી રહી છે તેની સમીક્ષા કરશે. તેમજ સ્ટાફે કરેલી કામગીરીની રેન્ડમલી ચકાસણી કરશે.

સાવરકુંડલામાં ટ્રેન હડફેટે ૧૪ ગાયોનાં મોત

મહુવા-સુરતની પેસેન્જર ટ્રેન હેઠળ ગાયો કપાતા જીવદયા પ્રેમીઓમાં અરેરાટી

સાવરકુંડલા,તા.૧૨

ગઈકાલે રાત્રે સાવરકુંડલાના બાઢડા ગામ નજીક ટ્રેઈન હડફેટે ૨૪ ગાયોનાં મોત થતા જીવદયા પ્રેમીઓમાં અરેરાટી ફેલાઈ છે. અમરેલી જિલ્લાના વન્ય વિસ્તારમાં ટ્રેન હડફેટે પ્રાણી ઓના મોત નિપજવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે ત્યારે સાવરકુંડલાના બાઢડા ગામ નજીક પેસેન્જર ટ્રેન હડફેટે ૨૪ ગાયોના મોત સમગ્ર પંથકમાં એરરાટી ફેલાઈ હતી.આ બનાવની જાણવા મળતી વિગત એવી છે કે સાવરકુંડલાના બાઢડા નજીક ટ્રેઈન અકસ્માત સર્જાયો હોવાની જાણ થતા સ્થાનિક પોલીસ તંત્ર સાથે રેલ્વેના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા ત્યારે જાણવા મળ્યું હતું કે મહુવા સુરતની પેસેન્જર ટ્રેઈન હડફેટે ૨૪ ગાયોના મોત નિપજયા છે. આ ઘટનાના પગલે રેલ્વે ટ્રેક લોહીથી લથપથ થઈ ગયો હતો. બાઢડા નજીક રેલ્વેટ્રેક ઉપર મોટાપ્રમાણમાં અબોલ જીવો હોવાની જાણ થતાં ટ્રેનના એન્જીન ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવી હતી, પરંતુ તેમ છતાં ૨૪ ગાયો ટ્રેઈનની હડફેટે આવી જતા સ્થળ પરજ તેમના કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા. આ બનાવની જાણ થતા પશુપાલકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. જયારે રેલ્વે અધિકારીઓએ આ બાબતે પોલીસને જાણ કરી તપાસ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.બનાવના પગલે પેસેન્જર ટ્રેન થંભી ગઈ હતી અધિકારીઓના આગમન બાદ ટ્રેનને રવાના કરાઈ હતી.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.